MANOGAT • Year 42 • Issue 1 • 10 April 2023 • Chaitra Vad 4, Samvat 2079 • Yugabd 5125 • Price : Rs. 5/- • Pages : 28





# मनोगत



## સમર્પણની યાત્રા અને સંકલ્પોનું શિખર

॥ रामकाज किन्हें बिनु मोहि कहां विश्राम ॥



Year : 42, Issue : 1, Pages : 28





## તંત્રીસ્થાનેથી

**શ્રી નરેન્દ્રભાઈ મોદીના મજબૂત નેતૃત્વ અને વસુધૈવ કુટુમ્બકમ્‌ની આપણી વિચારધારાના કારણે વિશ્વફલક પર ભારતની છબી આપણે કલ્પના પણ ન કરી શકીએ તેટલી ઊજળી, પ્રભાવક અને સમગ્ર વિશ્વને દિશાદર્શન કરાવી શકે તેવી સમર્થ રાષ્ટ્ર તરીકેની ઊભરી છે**

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

આપણા સૌના ગૌરવમાં આનંદનો સતત વધારો એ રીતે થતો રહ્યો છે કે, વિશ્વના શ્રેષ્ઠ નેતા, શ્રેષ્ઠ પ્રધાનમંત્રી - કદાવર નેતા માટેનાં વિવિધ વિશ્વસનીય સર્વેક્ષણોમાં માન. શ્રી નરેન્દ્રભાઈ મોદી સતત અગ્રસ્થાને જોવા મળે છે. વિશ્વના ખૂણે ખૂણે અને વિશ્વભરના નાગરિકોમાં થતા આ સર્વેમાં માન. શ્રી નરેન્દ્રભાઈ માટેનું જે માન, લાગણી, ગૌરવ છલકતું જોવા મળે છે તે બાબત પ્રતિપાદિત કરી રહી છે કે ભારત વિશ્વગુરુ બનવાની દિશામાં મહત્ત્વની સફળતા હાંસલ કરી રહ્યું છે. મજબૂત નેતૃત્વ અને વસુધૈવ કુટુમ્બકમ્‌ની આપણી વિચારધારાના કારણે વિશ્વફલક પર ભારતની છબી આપણે કલ્પના પણ ન કરી શકીએ તેટલી ઊજળી, પ્રભાવક અને સમગ્ર વિશ્વને દિશાદર્શન કરાવી શકે તેવી સમર્થ રાષ્ટ્ર તરીકેની ઊભરી રહી છે.

સામા પક્ષે વિપક્ષ પોતાની લીટી લાંબી કરવાના બદલે માન. શ્રી નરેન્દ્રભાઈ અને ભારતને બદનામ કરવા મચી પડ્યા છે. વિચાર તો કરો - માન. શ્રી નરેન્દ્રભાઈ દક્ષિણના એક રાજ્યની સત્તાવાર મુલાકાતે વિકાસકામોના લોકાર્પણ માટે જાય ત્યારે પ્રોટોકોલના ભાગરૂપે મુખ્યમંત્રીએ હાજર રહેવું જોઈએ તે મુખ્યમંત્રી નિમંત્રણ હોવા છતાં હાજર રહે નહીં ! અને આ જ બધા લોકો લોકશાહીની દુહાઈ દેતા ફરે ! વિરોધ કરવામાં એ પણ ભૂલી જાય છે કે કેન્દ્રની પૂર્ણ બહુમતની સરકારના માન. શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રધાનમંત્રી છે.

વિપક્ષની આ જ તો મુશ્કેલી છે. વિરોધ કરવામાં પણ સારા-નરસા, સાચા-ખોટાનો ભેદ ભૂલી જાય છે. નરેન્દ્ર મોદીનો વિરોધ કરી શકાય એવી એક પણ બાબત નથી માટે ખોટેખોટા અને માથામેળ વગરના મુદ્દાઓને મોટો બનાવવાનો પ્રયત્ન કરે છે. જેમ-જેમ ચૂંટણીઓ નજીક આવશે તેમ તેમ આ પ્રકારની બનાવટી, ખોટી, સંદિગ્ધ બાબતોને મીડિયામાં ઉછાળી 'ભ્રમ' પેદા કરવાની રમત તેઓ રમ્યા જ કરશે. આ તબક્કે આપણે સૌએ વિકાસ અને દેશપ્રેમની બાબતો ડંકાની ચોટ પર કહીને આ જુઠ્ઠા લોકોને ખુલ્લા પાડી તેમને રાજનીતિની ચોખટ પરથી નશ્યત કરવા કટિબદ્ધ બનવું જ પડશે. વિપક્ષ તરીકેની લાયકાત પણ ન ધરાવતા આ લોકો ખરા અર્થમાં રાષ્ટ્રની સંસ્કૃતિ, સાધના, સુરક્ષા, સમૃદ્ધિ અને સુખાકારી સામે બહુ મોટું જોખમ છે - જેને દૂર કરવું ન માત્ર જરૂરી છે પણ રાષ્ટ્રના પુનરુદ્ધારના આ યજ્ઞ માટે અનિવાર્ય છે.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ


પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
વૉટ્સઍપ નં. : ૬૩૫૧૯૫૯૦૯૪
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



**આદરણીય વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ભારતીય જનતા પાર્ટીના 44મા સ્થાપના દિવસે પાર્ટીના કાર્યકરોને કરેલ સંબોધન**

# ભાજપનો અર્થ - નવા ભારતનું નિર્માણ - પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી



વિશ્વના સૌથી લોકપ્રિય નેતા, આદરણીય વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ, ભારતીય જનતા પાર્ટીના 43મા સ્થાપના દિવસે, દેશભરના પક્ષના કાર્યકરોને વર્ચ્યુઅલ રીતે સંબોધિત કર્યા અને તેમને જાહેર સેવામાં પોતાને સમર્પિત કરવા આહ્વાન કર્યું. દેશભરમાં 10 લાખ 72 હજારથી વધુ સ્થળોએ ભાજપના કાર્યકરો વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સંબોધન સાંભળવા અને તેમના માર્ગદર્શનનો લાભ લેવા માટે એકત્ર થયા હતા.

## આદરણીય વડાપ્રધાનના ભાષણના મુખ્ય મુદ્દાઓ

- આજે આપણે બધા આપણી પાર્ટીનો સ્થાપના દિવસ ઊજવી રહ્યા છીએ. હું ભારત માતાની સેવામાં સમર્પિત ભાજપના દરેક કાર્યકર્તાને અભિનંદન આપું છું. પોતાના લોહી અને પરસેવાથી પક્ષનું સિંચન કરનારા કાર્યકરોના કારણે જ આપણને દેશસેવા કરવાનું સૌભાગ્ય મળ્યું છે. ભાજપની સ્થાપના થઈ ત્યારથી લઈને આજ દિન સુધી જે મહાન વ્યક્તિઓએ આ પક્ષને પોતાના લોહી અને પરસેવાથી પક્ષને સિંચન કર્યું છે, પક્ષને પોષ્યો, મજબૂત અને સમૃદ્ધ બનાવ્યો છે, નાનામાં નાના કાર્યકરથી લઈને વરિષ્ઠ હોદ્દા પર પહોંચીને દેશ અને પક્ષ માટે કામ કર્યું છે. પક્ષને સેવા આપનારા તમામ મહાન લોકોને માથું નમાવીને વંદન કરું છું.
- આજે આપણે દેશના ખૂણે ખૂણે ભગવાન હનુમાનજીની જન્મજયંતીની ઉજવણી કરી રહ્યા છીએ. હનુમાનજીનું જીવન અને તેમના જીવનની મુખ્ય ઘટનાઓ આજે પણ આપણને ભારતની વિકાસયાત્રા માટે પ્રેરણા પૂરી પાડી છે. પ્રયત્નો કરવા પ્રેરિત કરે છે. હનુમાનજીમાં અપાર શક્તિ છે, પરંતુ તેઓ આ શક્તિનો ઉપયોગ ત્યારે જ કરી શકે છે જ્યારે તેમની પોતાની આત્મશંકાનો અંત આવે. 2014 પહેલાં ભારતની હાલત પણ આવી જ હતી. આજે ભારત બજરંગ બલી જેવો છે જેણે પોતાની શક્તિઓને પારખી લીધી છે. આજે, ભારત સમુદ્ર જેવા વિશાળ પડકારોને પાર કરવા અને તેનો સામનો કરવા માટે પહેલાં કરતાં વધુ સક્ષમ છે.
- હનુમાનજી બધું કરી શકે છે, દરેક માટે કરે છે, પરંતુ પોતાના માટે કંઈ નથી કરતા. इदम् रामाय, इदम् न मम्। આ પણ ભાજપની પ્રેરણા છે - इदम् राष्ट्राय, इदम् न मम्! જ્યારે હનુમાનજીને



રાક્ષસોનો સામનો કરવો પડ્યો ત્યારે તેઓ પણ એટલા જ કઠોર બની ગયા. તેવી જ રીતે, જ્યારે ભ્રષ્ટાચારની વાત આવે છે, જ્યારે ભત્રીજાવાદની વાત આવે છે, જ્યારે કાયદો અને વ્યવસ્થાની વાત આવે છે, ત્યારે ભાજપ વધુ કઠિન બને છે, વધુ સંકલ્પબદ્ધ બને છે.

- આજની આધુનિક પરિભાષામાં જે વાતનો વારંવાર ઉલ્લેખ કરવામાં આવે છે તે છે – Can Do Attitude જો આપણે હનુમાનજીના સમગ્ર જીવન પર નજર કરીએ તો Can Do Attitudeની સંકલ્પશક્તિ તેમને સફળતા અપાવવામાં મોટી ભૂમિકા ભજવે છે. 'कवन सो काज कठिन जग माहीं, जो नहीं होय तात तुम्ह पाहीं' – એટલે એવું કોઈ કામ નથી કે જે પવનપુત્ર હનુમાન ન કરી શકે. લક્ષ્મણજી જ્યારે મુશ્કેલીમાં હતા ત્યારે તેમણે આખો પર્વત ઉપાડ્યો હતો. આ પ્રેરણાથી ભાજપ પણ પરિણામ લાવવા માટે લોકોના પ્રશ્નોનું નિરાકરણ લાવવાનો પ્રયાસ કરતો આવ્યો છે, કરતો રહેશે. रामकाज किन्हें बिनु मोहि कहां विश्राम ।
- જ્યારે જનસંઘનો જન્મ થયો ત્યારે અમારી પાસે બહુ રાજકીય અનુભવ ન હતો, ન સાધન હતાં, ન સંસાધનો હતાં, પરંતુ અમારી પાસે માતૃભૂમિ પ્રત્યેની નિષ્ઠા અને લોકશાહીની શક્તિ હતી. ભાજપ એવો પક્ષ છે જેના માટે દેશ હંમેશા સર્વોપરી રહ્યો છે. 'એક ભારત-શ્રેષ્ઠ ભારત' આપણી શ્રદ્ધાનો મૂળ મંત્ર રહ્યો છે. આપણે સૌ રાષ્ટ્ર પ્રથમના મંત્રને આપણો આદર્શ બનાવ્યો છે. લોકશાહીના ગર્ભમાંથી ભાજપનો જન્મ થયો છે, લોકશાહીના અમૃતથી ભાજપનું પોષણ થયું છે અને ભાજપ દેશની લોકશાહી અને દેશના બંધારણને મજબૂત કરીને દેશ માટે દિવસ-રાત કામ કરી રહ્યો છે.
- ભાજપ 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ, સબકા પ્રયાસ'ના મંત્ર સાથે કામ કરી રહ્યો છે. અમારું સમર્પણ ભારત માતાને છે, આપણું સમર્પણ દેશના કરોડો લોકો માટે છે, આપણું સમર્પણ દેશના બંધારણ માટે છે. આજે ભાજપ વિકાસનો પર્યાય છે, વિશ્વાસનો પર્યાય છે, નવા વિચારોનો પર્યાય છે અને દેશની જીતનો પર્યાય છે. આજે ભાજપ દેશની વિજયયાત્રામાં મુખ્ય સેવક બનીને પોતાની ભૂમિકા ભજવી રહ્યો છે. ભાજપની કાર્યશૈલી સર્વસમાવેશક, સર્વસ્પર્શી, સૌના માટે હિતકારી છે. ભારતીય જનતા પાર્ટી કોઈ પક્ષ નથી, તે એક વિચાર છે જેનો ઉદ્દેશ્ય રાષ્ટ્રનિર્માણ, જનકલ્યાણ છે. ભાજપનો અર્થ - મિશન, ભાજપનો અર્થ - સમાજસેવા, ભાજપનો અર્થ - સમાજનું સશક્તીકરણ, ભાજપનો અર્થ - નવા ભારતનું નિર્માણ.
- આપણે હંમેશા આપણા હૃદય અને કાર્યશૈલીમાં સામાજિક ન્યાય અને સશક્તિકરણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. અનેક રાજકીય પક્ષોએ સામાજિક ન્યાયના નામે દેશ સાથે રમત રમી છે. તેઓએ ફક્ત તેમના પરિવારનું કલ્યાણ સુનિશ્ચિત કર્યું, લોકોનું નહીં. બીજી બાજુ, સામાજિક ન્યાય એ આપણા માટે રાજકીય સૂત્ર નથી પરંતુ આપણા માટે Article of Faith છે.
- ભાજપ સામાજિક ન્યાયને જીતી છે, તેની ભાવનાનું અક્ષરશઃ પાલન કરે છે. 80 કરોડ લોકોને મફત રાશન મળવું એ સામાજિક ન્યાયનું પ્રતિબિંબ છે. ભેદભાવ વિના 50 કરોડ ગરીબોને 5 લાખ રૂપિયા સુધીની મફત સારવાર એ સામાજિક ન્યાયની મજબૂત અભિવ્યક્તિ છે. ભેદભાવ વિના 45 કરોડ ગરીબોનાં જનધન ખાતાં ખોલવાં એ સામાજિક ન્યાયના સર્વસમાવેશક એજન્ડાનું જીવંત ઉદાહરણ છે. 11 કરોડ લોકોને શૌચાલય મળવું એ સામાજિક ન્યાય છે. તુષ્ટીકરણ અને ભેદભાવ વિના, સાચા અર્થમાં સામાજિક ન્યાયના ઉદ્દેશોને સાકાર કરવા માટે ભાજપ એક પર્યાય બનીને ઊભરી આવ્યો છે.
- ભાજપને 21મી સદીના ભવિષ્યનો પક્ષ બનાવવો પડશે. વધુ પડતા આત્મવિશ્વાસનો શિકાર ન બનો. લોકો અત્યારથી જ કહી રહ્યા છે કે 2024માં ભાજપને કોઈ હરાવી શકશે નહીં. આ વાત સાચી છે, પરંતુ ભાજપના કાર્યકર તરીકે દરેક નાગરિકનું દિલ જીતવું પડશે. ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા તરીકે આપણે આપણી જાતને ચૂંટણી જીતવા સુધી મર્યાદિત ન રાખવી જોઈએ. આપણે લોકોનાં દિલ જીતવા માટે કામ કરવું જોઈએ. આપણે દરેક ચૂંટણી એ જ સ્તરની ઊર્જા અને મહેનત સાથે લડવાની છે જે આપણે 1980ના દાયકાથી કરતા



આવ્યા છીએ. હું દૃઢપણે માનું છું કે આપણા કાર્યકર્તાઓની નિષ્ઠા, સમર્પણ અને શક્તિ અને 'રાષ્ટ્ર પ્રથમ'નો આપણો મંત્ર આપણને સતત પ્રેરણા આપતો રહેશે!

- આજે ભાજપ દેશમાં એક નવું Political Cultureનું નેતૃત્વ કરી રહ્યું છે જ્યારે તમે કોંગ્રેસ અને તેના જેવા અન્ય પક્ષોનું કલ્ચર જોઈ શકો છો. કોંગ્રેસ અને તેના જેવા પક્ષો પરિવારવાદ, વંશવાદ, જાતિવાદ અને પ્રાદેશિકવાદના બંધક છે જ્યારે ભાજપની રાજકીય સંસ્કૃતિ દરેક દેશવાસીને સાથે લઈને ચાલવાની છે. કોંગ્રેસ અને તેના જેવા પક્ષોનું કલ્ચર નાનાં સપનાં જોવાનું અને તેનાથી પણ ઓછું મેળવીને ખુશ રહેવાનું છે. તેઓ એકબીજાની પીઠ થપથપાવીને ખુશ છે જ્યારે ભાજપનું Political Culture આપણને મોટાં સપનાં જોવા અને તેનાથી પણ વધુ હાંસલ કરવા પ્રોત્સાહિત કરે છે. આપણા શરીરના દરેક કણ અને આપણા સમયની દરેક ક્ષણનો ઉપયોગ કરવાની આપણામાં હિંમત છે.
- 2014માં માત્ર સરકારનું પરિવર્તન જ નહોતું થયું પરંતુ 2014માં ભારતની જનતાએ ભારતના પુનર્જાગરણની નવી યાત્રા શરૂ કરી છે. 800થી વધુ વર્ષોની ગુલામીમાંથી બહાર આવ્યા પછી, એક રાષ્ટ્ર તેનું ખોવાયેલ ગૌરવ ફરીથી પાછું મેળવવા માટે ઊભરી આવ્યું છે. આ પ્રક્રિયામાં દાયકાઓથી ચાલી આવતી બૂરાઈઓ ધીમે ધીમે નબળી પડી રહી છે. 1947માં બ્રિટિશરો ચાલ્યા ગયા પણ અહીંના લોકોને ગુલામ બનાવવાની માનસિકતા છોડતા ગયા. આઝાદી પછી દેશમાં એવો વર્ગ ખૂબ વિકસ્યો જે સત્તાને પોતાનો જન્મસિદ્ધ અધિકાર માનતો હતો. આ લોકોની સામ્રાજ્યવાદી માનસિકતા હંમેશા દેશની જનતાને પોતાના ગુલામ ગણતી રહી.
- 2014માં આ દલિત, શોષિત-વંચિત વર્ગે પોતાનો અવાજ ઉઠાવ્યો હતો. બાદશાહી માનસિકતાના લોકો આ વર્ગનો અવાજ સાંભળવા તૈયાર ન હતા. તેથી જ અમારી સરકારના પ્રથમ કાર્યકાળમાં સામ્રાજ્યવાદી માનસિકતા ધરાવતા આ લોકોએ આ શોષિત-વંચિત દલિતો-પછાતની મજાક ઉડાવવાનું શરૂ કર્યું.
- જ્યારે તેઓ અમારી મજાક ઉડાવીને સફળ ન થયા ત્યારે સામ્રાજ્યવાદી માનસિકતા ધરાવતા લોકોની નફરત વધી ગઈ. દાયકાઓથી હિંસાનો સામનો કરી રહેલા કાશ્મીર અને નોર્થ ઈસ્ટમાં શાંતિનો સૂરજ ઊગશે એવું તેમણે વિચાર્યું પણ ન હતું. તેમણે કલ્પના પણ નહોતી કરી કે કલમ 370 ઇતિહાસ બની જશે. જે કામો દાયકાઓથી થયાં ન હતાં, ભાજપ કેવી રીતે કરી રહી છે, તે તેઓ પચાવી શકતા નથી. નફરતથી ભરેલા આ લોકો જૂઠું બોલી રહ્યા છે. તેમનાં ભ્રષ્ટ કાર્યો ઉઘાડાં પડતાં જોઈને તેઓ બેચેન અને નિરાશ થયા છે. તેઓ એટલા નિરાશ છે કે તેમને એક જ રસ્તો દેખાય છે. તેઓ ખુલ્લેઆમ કહી રહ્યા છે કે મોદી, તમારી કબર ખોદાશે. તેઓ કબર ખોદવાની ધમકી આપી રહ્યા છે.
- 'બાદશાહી માનસિકતા' ધરાવતા આ પક્ષો, આ લોકો એક વાત જાણતા નથી. આજે દેશના ગરીબો, દેશનો સામાન્ય માણસ, દેશના યુવાનો, દેશની માતાઓ-બહેનો-દીકરીઓ, દલિત-પીડિત-શોષિત-વંચિત-આદિવાસીઓ, દરેક જણ ભાજપની ઢાલ બની ગયા છે.
- હું આંકડાઓ આપતો રહું છું. હું લગભગ 15-20 દિવસની વાત બાતવું છું. GST બાદ એક જ નાણાકીય વર્ષમાં 18 લાખ કરોડ રૂપિયાનું કલેક્શન, 16 લાખ કરોડનો ટેક્સ ચૂકવવામાં આવ્યો, UPI દ્વારા 14 લાખ કરોડના ટ્રાન્ઝેક્શનનો રેકોર્ડ બન્યો, નિકાસ 750 અબજને પાર થઈ, 16 હજાર કરોડની સંરક્ષણ નિકાસ, રેલ્વે માલસામાન 1500 મેટ્રિક ટનથી વધુ લોડિંગ. આ રેકોર્ડ દર્શાવે છે કે દેશ કેટલી ઝડપથી પ્રગતિ કરી રહ્યો છે. મેં એક શ્વાસે જેટલું કહી શક્યો તેટલું કહ્યું.
- આ શુભ અવસર પર, જ્યારે ભાજપ તેની સ્થાપનાનાં 50 વર્ષ પૂર્ણ કરી રહ્યો છે અને દેશ તેની આઝાદીનો અમૃતમહોત્સવ ઊજવી રહ્યો છે, ત્યારે ચાલો, આપણે આપણા દેશને નવી ઊંચાઈએ લઈ જઈએ, દરેકનાં દિલ જીતીએ અને મા ભારતીના સપનાને સાકાર કરવા સંકલ્પ લઈએ. હું પ્રાર્થના કરું છું કે હનુમાનજી આપણા બધાનું ભલું કરે. હું પ્રાર્થના કરું છું કે લોકોનો વિશ્વાસ અને આશીર્વાદ આપણી સાથે, ભારતીય જનતા પાર્ટી સાથે રહે.



**નવી દિલ્હીમાં નવનિર્મિત ભાજપા કેન્દ્રીય કાર્યાલય (વિસ્તરણ)ના ઉદ્ઘાટન પ્રસંગે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ભાષણના મુખ્ય અંશ**



# ભાજપ ભારતની સૌથી ભવિષ્યવાદી પાર્ટી છે - વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી

- ભાજપા હેડક્વાર્ટરના વિસ્તરણનું ઉદ્ઘાટન ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો માટે ખાસ દિવસ છે. પાર્ટીના કેન્દ્રીય કાર્યાલયના ઉદ્ઘાટન સમયે મેં કહ્યું હતું કે આ કાર્યાલયનો આત્મા અમારા કાર્યકરો છે.
- ભારતીય જનતા પાર્ટીના કેન્દ્રીય કાર્યાલયનું વિસ્તરણ એ માત્ર એક ભવનનું વિસ્તરણ નથી, પરંતુ તે દરેક ભાજપના કાર્યકરના સપનાનું વિસ્તરણ છે, તે ભાજપની સેવા કરવાના સંકલ્પનું વિસ્તરણ છે. મંગલવારી ગેટના કાર્યાલયથી દીનદયાળ ઉપાધ્યાય માર્ગ પર સ્થિત ભાજપના કેન્દ્રીય કાર્યાલય સુધીની યાત્રા પણ અમારી પાર્ટીની પ્રગતિનું પ્રતીક છે. આજે હું પક્ષ ચરણોમાં કોટિ - કોટિ નમન કરું છું. હું માથું નમાવીને પક્ષના તમામ સ્થાપકોને નમન કરું છું.
- આજથી થોડા દિવસો પછી, અમારી પાર્ટી પોતે તેનો 44મો સ્થાપના દિવસ ઊજવશે. આ યાત્રા એક અવિસ્મરણીય અને સતત સફર છે. આ યાત્રા મહેનતની પરાકાષ્ઠાની યાત્રા છે. આ સમર્પણની યાત્રા છે અને સંકલ્પોનું શિખર છે. આ યાત્રા પાર્ટીના વિચારો અને પાર્ટીની વિચારધારાના વિસ્તરણની યાત્રા છે. આ યાત્રા, આ વિસ્તરણ તમારામાંના દરેક માટે ખૂબ જ પ્રોત્સાહક છે.
- આપણે એ પક્ષ છીએ જે કટોકટી દરમિયાન લોકશાહીના રક્ષણ માટે દેશના હિતમાં પોતાના પક્ષને આહત પહોંચાડવામાં પણ સંકોચ કરતા નથી. 1984માં જે થયું, તે કાળું પાનું દેશ ક્યારેય ભૂલી શકશે નહીં. જે પછી ભાવનાઓથી ભરેલા વાતાવરણમાં કોંગ્રેસને ઐતિહાસિક બહુમતી મળી હતી એ વાવાઝોડામાં આપણે પણ લગભગ પૂરા થઈ ગયા હતા પણ આપણે નિરાશ નહીં પરંતુ હતાશ હતા, આપણે નિરાશ થયા ન હતા. આપણે બીજામાં દોષ શોધવાની કોશિશ કરી નથી, આરોપો લગાવ્યા નથી. આરોપ-



પ્રત્યારોપમાં પડ્યા નથી. આપણે જનતા-જનાર્દન વચ્ચે ગયા, જમીનસ્તરે કામ કર્યું, સંગઠનને મજબૂત કર્યું અને આ રીતે આજે આપણે અહીં પહોંચ્યા છીએ.

- ભારતીય જનતા પાર્ટીની યાત્રા 2019માં 303 પર પહોંચી ગઈ છે. આજે ઘણાં રાજ્યોમાં આપણને 50 ટકાથી વધુ મત મળ્યા છે. આજે ઉત્તરથી દક્ષિણ, પશ્ચિમથી પૂર્વ સુધી, ભાજપ એકમાત્ર પાન ઇન્ડિયા પાર્ટી છે.
- ભાજપ ભારતની સૌથી ભવિષ્યવાદી પાર્ટી છે. રૂઢિચુસ્ત પરિવારના વર્ચસ્વ ધરાવતા, પરિવારના કબજાવાળી રૂઢિવાદી, પરિવાર દ્વારા ચાલતી જાગરુકતા વચ્ચે, ભાજપ જ એકમાત્ર રાજકીય પક્ષ છે જે યુવાનોને આગળ વધવાની તક આપે છે. આજે જે પક્ષ સાથે ભારતની માતા-પુત્રીઓના આશીર્વાદ છે, તે માત્ર અને માત્ર ભારતીય જનતા પાર્ટી છે.
- અમારું એક જ લક્ષ્ય છે - ભવિષ્યના આધુનિક અને વિકસિત ભારતનું નિર્માણ કરવું. આ માટે આપણી પાસે આધુનિક વિચારસરણીની સાથે સાથે આધુનિક સાધનો પણ હોવાં જોઈએ. આપણે બીજેપીના એવા સંગઠનમાં વિકાસ કર્યો છે જેણે આગામી 10 વર્ષ, 20 વર્ષ, આગામી 50 વર્ષ માટે લક્ષ્યાંક નક્કી કર્યા છે. ત્રણ આદતો દરેક કર્તવ્યનિષ્ઠ કાર્યકર, દરેક ભાજપના સભ્યના સ્વભાવમાં હોવી જોઈએ. પ્રથમ - અભ્યાસ, બીજું - આધુનિકતા અને ત્રીજું વિશ્વભરની સારી વસ્તુઓને આત્મસાત્ કરવાની શક્તિ.



- ભાજપ કાર્યાલયનું વિસ્તરણ પાર્ટીના કાર્યનું કેન્દ્ર બનશે અને હોવું જોઈએ. અહીં અધ્યયનની વ્યવસ્થા છે, આધુનિકતા છે અને દુનિયાભરમાંથી અનુભવ મેળવવાની આકાંક્ષા પણ છે. મને ખાતરી છે કે ભાજપનું આધુનિક કાર્યાલય વિસ્તરણ આ સપનાના સંકલ્પો માટે સતત પ્રેરણાસ્રોત બની રહેશે.
- આજે ભાજપાની સરખામણી દુનિયાના એવા લોકો સાથે કરવામાં આવી રહી છે જેમણે પોતાના શાસન દરમિયાન પોતાના દેશનું ભાગ્ય બદલી નાખ્યું. આજે ભાજપ વિશ્વની સૌથી મહત્ત્વપૂર્ણ રાજકીય પાર્ટી તરીકે ઓળખાય છે.
- આ સમય ભાજપ સરકારનાં વિકાસકાર્યોના કારણે આવ્યો છે. ભાજપ એવો પક્ષ છે જે ભારતના મહત્ત્વ અને ભારતની ક્ષમતાને મજબૂત કરવાના સંકલ્પ સાથે આગળ વધી રહ્યો છે. આપણે 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ' ના મંત્ર સાથે આગળ વધી રહ્યા છીએ. મને એ જોઈને આનંદ થાય છે કે વિશ્વના ઘણા નેતાઓ આપણી ભાષાથી પરિચિત નથી પરંતુ તેઓ 'સબકા સાથ, સબકા વિકાસ'ના આ મંત્રને અનુસરવાનો પ્રયાસ કરે છે. તેઓ તેમની પોતાની ભાષામાં પણ અનુવાદ કરે છે.
- આજે નોર્થ ઈસ્ટે 'સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ અને સબકા પ્રયાસ'ના મંત્રનું ઉત્તમ ઉદાહરણ છે. આજે ભાજપ પાસે નોર્થ ઈસ્ટમાં 4 ભાગો છે, અન્ય 12 રાજ્યોમાં અમારી ગઠબંધન સરકારો છે. આ સફળતાનો શ્રેય પણ



ભાજપના ઉમેદવારને જાય છે.

- આ મહેનતના કારણે આજે પાર્ટી દક્ષિણ ભારતમાં પણ દૂર દૂર સુધી પાર્ટીનું વિસ્તરણ થઈ રહ્યું છે. કર્ણાટકમાં ભાજપની સ્થિતિ ઘણાં વર્ષોથી મજબૂત છે. આજે પણ આપણે કર્ણાટકમાં નંબર વન છીએ. નોઈડામાં પણ જનતાનો વિશ્વાસ એકમાત્ર ભાજપ પર છે. દિવસે ને દિવસે રાજ્યના લોકોનો વિશ્વાસ ભાજપ પર વધી રહ્યો છે. તમિલનાડુ અને કેરળમાં દરેક જિલ્લામાં અને દરેક બૂથ પર ભાજપ દિવસે ને દિવસે મજબૂત થઈ રહી છે.
- ભાજપને જાણવાનો સ્વભાવ પણ બની રહ્યો છે. ભાજપનો સ્વભાવ છે - નવીનતા અને આધુનિકતા. નવીનતા એ આપણી નિષ્ઠા છે, અને આધુનિકતા એ આપણો ખ્યાલ છે.
- ભાજપને સોશિયલ મીડિયા ચેનલો દ્વારા લાવવામાં આવ્યો નથી, ભાજપ પોતાના અસ્તિત્વ માટે ત્યાગ-તપસ્યાના બળ પર આગળ વધ્યો છે, સંઘર્ષમાં તપીને આગળ વધ્યો છે, જનતા-જનાર્દન માટે કામ કરવાને કારણે તે અહીં સુધી પહોંચ્યો છે.
- ભારતીય જનતા પાર્ટી માત્ર ચૂંટણી લડાઈ અને જીત પૂરતી સીમિત નથી. ભાજપ એક વ્યવસ્થા છે, ભાજપ એક વિચાર છે, ભાજપ એક સંગઠન છે અને ભાજપ એક આંદોલન છે. ભાજપ વિકાસની પ્રાણશક્તિ છે અને ભાજપ પરિવર્તનની પ્રાણશક્તિ પણ છે.
- ભારતીય જનતા પાર્ટીએ રાજકારણની વિચારસરણી બદલી છે, અને સમાવેશનાં નવાં ધોરણોને જન્મ આપ્યો છે. આજે સમગ્ર ભારતમાં ભાજપની સરકારો આકાંક્ષાઓ, વિકાસ અને પ્રગતિના પર્યાય બની રહી છે. આ ભાજપની બ્રાંડ ઓફ ગવર્નન્સ છે. આજે ભલે આપણે સત્તાના શિખરે હોઈએ, પરંતુ આપણા પગ આજે પણ એ જ જમીન પર છે જે 1980માં હતા.
- દેશ અત્યારે જે સમયગાળામાંથી પસાર થઈ રહ્યો છે તે ઝડપી વિકાસ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આજે આપણે સૌથી યુવા દેશ છીએ, નિશ્ચિતપણે એક સ્થિર દેશ છીએ. સમગ્ર વિશ્વમાં, વિશ્વના મોટા મંચો પર આજે ભારતનો ડંકો વાગી રહ્યો છે. આવી સ્થિતિમાં દેશની અંદર અને દેશની બહાર બેઠેલી ભારતવિરોધી શક્તિઓની એકતા સ્વાભાવિક છે. આ શક્તિઓ કોઈક રીતે ભારત પાસેથી વિકાસનો આ સમયગાળો છીનવી લેવા માંગે છે.
- આજે ભારતની ક્ષમતા ફરીથી જે ઊંચાઈ તરફ જઈ રહી છે તો તેની પાછળ આપણો મજબૂત સંકલ્પ છે. આ પરસ્પર સંમતિ આપણી બંધારણીય ભાગીદારીની છે, આપણી બંધારણીય સંસ્થાઓની છે. તેથી, આજે આ ગંદકી ભારતને રોકવા માટે નુકસાન પહોંચાડી રહી છે. બંધારણીય ફટકો પડી રહ્યો છે. તેને બદનામ કરવા માટે અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તેમની પ્રતિષ્ઠાને ખતમ કરવાનું ષડયંત્ર રચવામાં આવી રહ્યું છે.
- આજે કેટલાક પક્ષોએ સાથે મળીને 'ભ્રષ્ટાચારી બચાવો અભિયાન' દ્વારા દગો કર્યો છે. જે ભ્રષ્ટાચાર કરે છે, તેમના પર એજન્સીઓ કાર્યવાહી કરે છે. કોર્ટ જ્યારે નિર્ણય આપે છે ત્યારે કોર્ટ પર પ્રશ્નો કરવામાં આવે છે. સિસ્ટમો પર હુમલા કરવામાં છે. આજે ભ્રષ્ટાચારના બે લાખ ચહેરા છે, બધા એક મંચ પર આવી રહ્યા છે. આખો દેશ આ જોઈ અને સમજી રહ્યો છે.
- કૉંગ્રેસના નેતાઓ એક સમયે કહેતા હતા - તેઓ જનસંઘને જડથી ઉખાડીને રસ્તા પર ફેંકી દેશે. આજની કોંગ્રેસે કહ્યું - મોદીજી, તમારી કબર ખોદવામાં આવશે. જનસંઘ અને બીજેપીને ખતમ કરવા માટે અનેક કાવતરાં ઘડવામાં આવ્યાં, પરંતુ દરેક વખતે તે સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યાં. તે લોકોએ મને જેલમાં ધકેલી દેવા માટે કેટકેટલી જાળ ફેલાવી પરંતુ તેઓ દરેક વખતે નિષ્ફળ ગયા.
- આજે ભ્રષ્ટાચારીઓ સામે જે કાર્યવાહી થઈ રહી છે તેનાથી સમગ્ર દેશની જનતા ખુશ છે. આજે દરેક દેશવાસી જાણે છે - ભ્રષ્ટાચાર બંધ થશે, તો જ દેશ આગળ વધશે પરંતુ કેટલાક લોકો તેનાથી નારાજ થશે, આ તેમનો સ્વભાવ પણ છે. પરંતુ, એક્શન અટકશે નહીં. લાંચ સામે દેશ ઝૂકશે નહીં.

**આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા નવી દિલ્હીમાં ભાજપના નવનિર્મિત કેન્દ્રીય કાર્યાલયના વિસ્તરણના ઉદ્ઘાટન પ્રસંગે પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જગત પ્રકાશ નડ્ડાજીના સંબોધનના મુખ્ય અંશ**



# દેશભરમાં ભાજપના ૪૯૯ કાર્યાલયોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે, ૧૧૫ કાર્યાલયોનું નિર્માણકાર્ય પ્રગતિમાં છે - રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી જે. પી. નડ્ડાજી

- આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા અમને હંમેશા માર્ગદર્શન મળે છે. હું મારા પોતાના વતી અને પક્ષના કરોડો કાર્યકરો વતી આદરણીય વડા પ્રધાનને આવકારું છું અને અભિનંદન આપું છું. આજે વિપક્ષની સાથે સાથે આખી દુનિયા તેમના નેતૃત્વની પ્રશંસા કરી રહી છે. તેમના નેતૃત્વમાં અમે કામ કરી રહ્યા છીએ તે સૌભાગ્યની વાત છે. તેમના દિલમાં હંમેશા એક વાત હોય છે કે ભાજપે કેવી રીતે આગળ વધવું જોઈએ, કમળ કેવી રીતે વધુ ખીલવું જોઈએ, આપણી વિચારધારા કેવી રીતે આગળ વધવી જોઈએ. આ દિશામાં અમને હંમેશા તેમનું માર્ગદર્શન મળતું રહ્યું છે.
- મને ક્યારેય એવું લાગ્યું નથી કે અમે માનનીય વડાપ્રધાનનો સમય લઈ રહ્યા છીએ કારણ કે જ્યારે પણ પાર્ટીને જરૂર પડી ત્યારે તેમણે હંમેશા આગળ વધીને સહકાર આપ્યો અને આગળ વધવાની દિશા બતાવી. તેઓ દેશના વડાપ્રધાન છે પરંતુ એક સંગઠન મંત્રી હંમેશા તેમના હૃદયમાં વસે છે.
- જ્યારથી હું પાર્ટીનો રાષ્ટ્રીય અધ્યક્ષ બન્યો છું ત્યારથી ઘણી સંસદીય બોર્ડની બેઠકો, ચૂંટણી સમિતિની બેઠકો યોજાઈ હતી, પરંતુ આજ દિન સુધી તેમાંની એક પણ બેઠક આદરણીય વડા પ્રધાનના નિવાસસ્થાન અથવા વડા પ્રધાનના કાર્યાલય પર યોજાઈ નથી, પરંતુ હંમેશા કેન્દ્રીય કાર્યાલયમાં જ યોજાય છે. દીનદયાલ ઉપાધ્યાય માર્ગ પર જ યોજાઈ. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપણને આવાં મૂલ્યો આપ્યાં છે. આ પાર્ટી પ્રત્યે તેમનો પ્રેમ, લાગણી અને સમર્પણ દર્શાવે છે. આનાથી અમને પાર્ટી પ્રત્યે સમર્પિત રહેવાના સંસ્કાર મળ્યા છે. આ આપણા બધા માટે એક પાઠ છે. તેનો જીવનમાં અમલ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.
- ભાજપના કેન્દ્રીય કાર્યાલયના વિસ્તરણનું ઉદ્ઘાટન આપણા માટે ઐતિહાસિક અવસર છે. આજથી 20 વર્ષ પછી પણ તમે ગર્વ સાથે કહી શકશો કે જે દિવસે ઓફિસ એક્સટેન્શનનું ઉદ્ઘાટન થયું તે દિવસે હું પણ તેનો સાક્ષી હતો.
- દેશના વડાપ્રધાન પદને ગ્રહણ કરતા પહેલા આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રબળ ઇચ્છા હતી કે પાર્ટીનું પોતાનું કેન્દ્રીય કાર્યાલય હોવું જોઈએ. દેશના વડાપ્રધાન બન્યા બાદ તેમણે રાષ્ટ્રીય કાર્યાલયની સાથે પાર્ટીનું પોતાનું રાજ્ય કાર્યાલય





અને જિલ્લા કાર્યાલય બનાવવાનો સંકલ્પ કર્યો હતો. તે સમયે શ્રી અમિતભાઈ શાહ આપણા રાષ્ટ્રીય અધ્યક્ષ હતા. તેમણે તેને મિશન મોડમાં શરૂ કર્યું અને ઓફિસ બિલ્ડિંગ માટે એક વ્યાપક યોજના બનાવી. રાજ્યના કાર્યાલયો અને જિલ્લા કાર્યાલયો સહિત કુલ 887 કચેરીઓ બાંધવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો. આજે મને જણાવતાં આનંદ થાય છે કે તેમાંથી 499 કાર્યાલયોનું ઉદ્દઘાટન કરવામાં આવ્યું છે, 115 કાર્યાલયોનું નિર્માણકાર્ય પ્રગતિમાં છે અને બાકીની કામગીરી ઝડપથી ચાલી રહી છે. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દેશની સાથે પાર્ટીને પણ આત્મનિર્ભર બનાવવા માટે પ્રેરિત કરી રહ્યા છે.

- આદરણીય વડાપ્રધાનનો ઉદ્દેશ માત્ર એ જ નથી કે પાર્ટીનું ભવ્ય ભવન બને, પરંતુ પાર્ટીની કાર્યશૈલીમાં પણ બદલાવ આવે અને તે સેવાનું સાધન બને, આ માટે પણ તેઓ સતત પ્રયત્નશીલ છે. આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોરોનાના સમયગાળા દરમિયાન દેશવાસીઓને સાથે લઈને લડેલી નિર્ણાયક લડાઈની સમગ્ર વિશ્વમાં પ્રશંસા થઈ હતી. આવી લડાઈ દુનિયામાં ભાગ્યે જ ક્યાંય લડાઈ હતી.
- આદરણીય વડા પ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોરોના સમયગાળા દરમિયાન પાર્ટી માટે 'સેવા હી સંગઠન' માટે હાકલ કરી હતી. તેમના આહ્વાન પર પાર્ટીના કરોડો કાર્યકરો પોતાના જીવની પરવા કર્યા વિના માનવતાની સેવા માટે વિશ્વના સૌથી મોટા યજ્ઞમાં સામેલ થયા. અમે તેમના જન્મદિવસને 'સેવા દિવસ' તરીકે ઊજવીએ છીએ. ભારતીય જનતા પાર્ટીની એક સામાજિક બાજુ પણ છે. અમે સામાજિક ન્યાય માટે લડીએ છીએ. 06 એપ્રિલે ભાજપનો 44મો સ્થાપના દિવસ છે. તે દિવસથી 14 એપ્રિલ સુધી બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની જન્મજયંતી સુધી ભાજપ 'સેવા સપ્તાહ' ઊજવશે.
- આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભાજપ 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' માટે કામ કરી રહ્યો છે. અમે તેમના નેતૃત્વમાં સમગ્ર દેશને એક કરવા માટે કામ કરી રહ્યા છીએ. સ્નેહમિલન અને વિવિધ રાજ્યોના સ્થાપના દિવસની વિવિધ જગ્યાએ ઉજવણી કરવામાં આવી રહી છે. તેનાથી સમાજ મજબૂત થાય છે.
- આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની પ્રેરણાથી ભાજપે 'Know BJP'ની પહેલ શરૂ કરી છે. અત્યાર સુધીમાં 56 દેશોના રાજદૂતો ભાજપને જાણવા અને સમજવા માટે પાર્ટી કાર્યાલયમાં આવી ચૂક્યા છે. તેમજ 5 દેશોના વિદેશ મંત્રીઓ, નાણા મંત્રીઓ અને PM પણ પાર્ટીના કેન્દ્રીય કાર્યાલય પર આવેલ છે. હવે ભાજપ આંતરરાષ્ટ્રીય સ્તરે અન્ય દેશો સાથે પાર્ટી ટુ પાર્ટી સંબંધો પર કામ કરી રહી છે. અમારા પ્રતિનિધિમંડળો અન્ય દેશોમાં જઈ રહ્યા છે, તેમના પ્રતિનિધિમંડળ અહીં આવી રહ્યા છે અને અમારા સંબંધો પણ આ સ્તરે વિકાસ પામી રહ્યા છે.
- આદરણીય અમિતભાઈ શાહે કલ્પના કરી હતી કે પાર્ટીનું પોતાનું એક અદ્યતન આધુનિક રિસર્ચ સેન્ટર હોવું જોઈએ. અમારી વિચારધારા અને મૂલ્યો પર આધારિત ઉચ્ચ ગુણવત્તાવાળું રિસર્ચ સેન્ટર પણ અહીં બનાવવામાં આવશે. હું ફરી એકવાર આદરણીય વડાપ્રધાનને અહીં અભિનંદન આપું છું અને આવકારું છું અને તેમને ખાતરી આપું છું કે પક્ષ તેમના માર્ગદર્શન હેઠળ લોકોના કલ્યાણ માટે સમર્પિતપણે કામ કરવાનું ચાલુ રાખશે.



# વચન પાળ્યાં છે, પાળીશું ગુજરાતનું માન વધારીશું



ડિસેમ્બર તારીખ 12, 2022ના રોજ ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ગુજરાત રાજ્યની જનતાની સેવા કરવા માટે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મુખ્યમંત્રી તરીકે ફરી એકવાર શપથ લીધા. ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ-2022માં પ્રચંડ જનાદેશ પ્રાપ્ત કરીને શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની 'ટીમ ગુજરાતે' રાજ્યના ખૂણેખૂણાના વિકાસ માટેના પરિણામલક્ષી પ્રયાસો આદર્યા.

તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના સર્વાધિક લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાત રાજ્યના વિકાસનો જે રાજમાર્ગ કંડાર્યો છે તેના ઉપર વિશ્વાસ રાખીને ગુજરાતની જનતાએ ભરપૂર આશીર્વાદ આપ્યા છે. જનહિતનાં કાર્યો માટે જે વચન આપ્યાં છે એ નખશિખ પાળ્યાં છે, પાળીશું. ગુજરાતનું માન દેશ અને દુનિયામાં વધારીશું. એટલે જ છેલ્લા બે દાયકા કરતાં વધુ સમયથી ગુજરાતમાં એક જ પક્ષની જનહિતલક્ષી કાર્યરીતિ અને સંનિષ્ઠ નીતિને લોકોએ મનથી સ્વીકારી તેમના અઢળક આશીર્વાદ આપ્યા છે.

વિકાસના પથ ઉપર જનતાના વિશ્વાસ અને સ્નેહની આ કડીને શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની 'ટીમ ગુજરાત' નિષ્ઠાપૂર્વક આગળ ધપાવી રહી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો સૌમ્ય, સરળ અને સહજ સ્વભાવ પ્રત્યેક ગુજરાતી બાંધવના હૃદયમાં વસી ગયો છે. ગુજરાત અને ગુજરાતી બાંધવોના સમગ્રતયા વિકાસ માટે સતત પ્રયત્નશીલ એવા શ્રી ભૂપેન્દ્રભાઈનો સૌજન્યપૂર્ણ વ્યવહાર અને મક્કમ નિર્ણય લેવાની કાર્યશૈલી જનજનને પ્રિય છે.

કોઈપણ સરકારના કામના મૂલ્યાંકન માટે 100 દિવસનો સમયગાળો અત્યંત ટૂંકો ગણાય પરંતુ ગુજરાતની જનતાની સેવા કરવા 100 દિવસના અલ્પ સમયમાં શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને એમની 'ટીમ ગુજરાતે' તમામ ક્ષેત્રે વિકાસની રફતારને તેજ ગતિએ આગળ વધારી છે.

પંચ સ્તંભ આધારિત વિકાસનું પંચામૃત સમું રૂ. 3.01 લાખ કરોડનું ઐતિહાસિક વિશાળ કદ ધરાવતું અંદાજપત્ર 2023-24 પ્રસ્તુત કરવામાં આવ્યું છે. ગરીબો, વંચિતો, આદિવાસીઓ, ખેડૂતો, મહિલાઓ, યુવાનો અને સૌ કોઈના વિકાસ માટેનો રોડમેપ તૈયાર કરીને એના ઉપર મક્કમતાથી ચાલવાની પ્રતિબદ્ધતાની જનજનને પ્રતીતિ થઈ રહી છે.

ગત 100 દિવસમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એક તરફ અનેક જનહિતલક્ષી નિર્ણયો લીધા છે તો બીજી તરફ અનેક જનકલ્યાણનાં કાર્યો જનસમર્પિત કર્યાં છે. મુખ્યમંત્રીશ્રી એમના અત્યંત વ્યસ્ત કાર્યક્રમો વચ્ચે પણ અચાનક કોઈ કચેરીની મુલાકાતે જઈ કર્મયોગીઓ સાથે સીધો સંવાદ કરી લે છે તો વળી ક્યારેક અનશિડ્યુલ્ડ ત્રણ-ચાર ગામોમાં જઈને ગ્રામજનો સાથે વાતચીત કરી એમના પ્રશ્નો સાંભળી નિરાકરણ લાવે છે. એમની આ સરળતા અને સ્થળ ઉપર ધસી જઈને ત્વરિત નિવેડો લાવવાની કાર્યશૈલી રાજ્યના લોકોને રૂચી ગઈ છે.

ગુજરાતની જનતાને પ્રતીતિ થઈ રહી છે કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તેમની પડખે મક્કમતાપૂર્વક ખભેખભા મિલાવીને ઊભા છે. ગરીબ અને મધ્યમવર્ગના કુટુંબોને વિનામૂલ્યે કે રાહતદરે મળતા અનાજના જથ્થાને બારોબાર વેચી દેનારા સામે એમણે લાલ આંખ કરીને રાજ્યસ્તરની SITનું ગઠન કરીને જનતાને એમની મક્કમ નિર્ણયશક્તિનો પરિચય આપ્યો છે. એ જ રીતે મુખ્યમંત્રીશ્રીએ અનઅધિકૃત વિકાસને નિયમિત કરવાનું વિધેયક વિધાનસભામાં પસાર કરાવીને શહેરી નાગરિકો માટે મક્કમ નિર્ણય લીધો છે. આ ઉપરાંત, માતૃભાષાને પ્રોત્સાહન અને રક્ષણ આપવા માટે મક્કમતાપૂર્વક નિર્ણય લઈને ગુજરાતી ભાષામાં શિક્ષણ ફરજિયાત કરવાનું વિધેયક અને સરકારી નોકરીઓમાં ભરતી પરીક્ષાઓમાં થતી ગેરરીતિ અટકાવવા સંબંધિત વિધેયક વિધાનસભામાં પસાર કરીને જે મક્કમ પગલાં લીધાં છે એની જનમાનસમાં મક્કમ સરકારના મુખ્યમંત્રી તરીકેની છાપ દૃઢીભૂત થઈ છે. સૌને સાથે લઈને સૌના વિકાસ માટેનો શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલો મંત્ર





મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સાચા અર્થમાં ચરિતાર્થ કરી રહ્યા છે. મૃદુ અને મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની 'ટીમ ગુજરાત'નાં ગત 100 દિવસના કાર્યોની આછેરી ઝલક અહીં ઉજાગર કરવાનો વિનમ્ર પ્રયાસ કરવામાં આવ્યો છે.

## કૃષિ ચમત્કાર

- સૂક્ષ્મ સિંચાઈ દ્વારા રાજ્યનો ખેડૂત વધુ પાક લઈ શકે તેથી 'પર ડ્રોપ મોર ક્રોપ'ને પ્રોત્સાહન આપવા રાજ્યમાં સૂક્ષ્મ સિંચાઈના બજેટમાં ચારગણો વધારો.
- પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે દેશી ગાય નિભાવ ખર્ચ યોજના હેઠળ 1.68 લાખથી વધુ ખેડૂતોને આશરે 3.90 કરોડની સહાય સાથે 13 જિલ્લામાં 32 પ્રાકૃતિક ખેતી મંડળની રચના.
- 10 માર્ચથી 90 દિવસ માટે ટેકાના ભાવે ખરીદીનો પ્રારંભ. ચાલુ વર્ષે તુવેરની પ્રતિ ક્વિ. રૂ.6,600 અને ચણાની પ્રતિ ક્વિ. રૂ.5,335 તેમજ રાયડાની પ્રતિ ક્વિ. રૂ.5,450ના ટેકાના ભાવે ખરીદી શરૂ.
- 5 હજારથી વધુ પશુપાલકોને પશુપાલન વ્યવસાયની રોજિંદી કામગીરીના ખર્ચને પહોંચી વળવા માટેના કિસાન ક્રેડિટ કાર્ડનું વિતરણ.
- 28,000થી વધુ ખેડૂતોને ટ્રેક્ટર ખરીદી માટે રૂ.125 કરોડથી વધુની સહાય પૂરી પાડવામાં આવી.
- પ્રધાનમંત્રી મત્સ્યસંપદા યોજના અંતર્ગત માછીમાર જૂથ અકસ્માત વીમા ઘટક તળે રાજ્યના 10,000 જેટલા માછીમારોને આવરી લેવામાં આવ્યા.
- 5,754 સહકારી મંડળીઓના ડિજિટલાઇઝેશન માટે રૂ.123.62 કરોડની માતબર જોગવાઈ.
- 2,53,906 ખેડૂતોને પ્રાકૃતિક કૃષિની તાલીમ આપવામાં આવી – 46,498 ખેડૂતોને બાગાયતી કૃષિની વિશેષ તાલીમ અપાઈ.
- આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ-2023 અંતર્ગત રાજ્યનાં 8 મહાનગરોમાં મેગા સિટી મિલેટ એક્સ્પો યોજવામાં આવ્યો: ખેડૂતોને મિલેટ્સની ખેતી માટે તાલીમ આપવા જિલ્લા કક્ષાએ 24 વર્કશોપ અને તાલુકા સ્તરે 252 સેમિનારનું આયોજન કરવામાં આવ્યું.
- ખેડૂતોને તેમના ખેત ઉત્પાદનનું યોગ્ય મૂલ્ય પ્રાપ્ત થાય અને આર્થિક રીતે તેમનું સશક્તીકરણ થાય એ માટે 187 ખરીદ કેન્દ્રો ઉપરથી રવી સિઝન અંતર્ગત પ્રાઈઝ સપોર્ટ સ્કીમ અન્વયે ચણાની ખરીદી કરવામાં આવી – 135 કેન્દ્રો ઉપરથી તુવેરની ખરીદી કરવામાં આવી.



- રાજ્ય સરકારનો વધુ એક ખેડૂતહિતલક્ષી નિર્ણય: ડુંગળી-બટાટા પકવતા ખેડૂતો માટે રૂ.330 કરોડનું પેકેજ જાહેર કરાયું. ખેડૂતો અને વેપારીઓને લાલ ડુંગળી અને બટાટાની અન્ય રાજ્યો અને દેશ બહાર નિકાસ માટે વાહતુક સહાય નિકાસ માટે રૂ.40 કરોડની સહાય અપાશે. તેમજ ખેડૂતોને કોલ્ડ સ્ટોરેજમાં માત્ર ખાવા માટેના બટાટા (ટેબલ પર્પઝ) સંગ્રહ કરવા પ્રાથમિક અંદાજિત રૂ.200 કરોડની સહાય અપાશે.
- 33,896 કૃષિ વિષયક કૂવાઓનું વીજળીકરણ થતાં કિસાનોને તેમના ખેતરમાં પાણી વ્યવસ્થા વધુ સુલભ બની શકી.
- 95,717 ક્વિન્ટલ પ્રમાણિત બીજ ઉત્પાદનનો જથ્થો ખેડૂતો પાસેથી મેળવીને તેમને DBT દ્વારા નાણાકીય ચુકવણી.
- ગૌશાળા અને પાંજરાપોળોમાં આંતરમાળખાકીય સુવિધાઓ ઊભી કરવા માટે 53 ગૌશાળા-પાંજરાપોળોને આર્થિક સહાય.
- પશુઓમાં જાતીય આરોગ્ય તથા પશુ વંધ્યત્વ નિવારણ માટે નિ:શુલ્ક સારવાર આપતાં રાજ્યભરમાં 2,972 પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કરાયું.
- રાજ્યના 44,92,743 પશુઓને FMD/બ્રુશેલ્લોસીસ રસીકરણ દ્વારા સુરક્ષિત કરાયાં.
- 40 નવાં સ્થાયી પશુ દવાખાનાં કાર્યરત કરીને પશુઓની વિનામૂલ્યે સારવારની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી.
- ખેડૂતો માટે આશીર્વાદરૂપ એવી પ્રાકૃતિક ખેતી વધુ ને વધુ ખેડૂતો અપનાવી રહ્યા છે. ગુજરાતમાં 3,65,000 ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થયા છે. 4,09,000 એકર ભૂમિ પર પ્રાકૃતિક ખેતી થાય છે.
- 37,29,741 ઘેટાં-બકરાંઓને કૃમિ સામે રક્ષણ પૂરું પાડવામાં આવ્યું.
- અદ્યતન વૈજ્ઞાનિક અભિગમની પશુપાલકોને જાણકારી આપતી 163 તાલુકા પશુપાલન શિબિર અને 33 જિલ્લા પશુપાલન શિબિર સંપન્ન.
- વેરાવળ, માંગરોળ, પોરબંદર, જાફરાબાદના 21,800



માછીમાર ભાઈઓને દરિયાઈ ફીશિંગ બોટ માટે જમ્બો પ્લાસ્ટિક ક્રેટ ખરીદી માટે આર્થિક સહાય આપવામાં આવી.

- માછીમારોને રૂ. 76 કરોડની ડિઝલ વેટ રાહત આપવામાં આવી.
- રાજ્યની 5,000 જેટલી પેકસ, મિલ્ક અને ફીશરીઝ સહકારી મંડળીઓનો નેશનલ કૉ-ઓપરેટિવ ડેટાબેઝ તૈયાર કરવામાં આવ્યો.
- આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા નોંધાયેલી ગાયની નવી પ્રજાતિ "ડગરી"ને રાષ્ટ્રીય પશુ આનુવંશિક સંસાધન બ્યુરો (NBAGR) દ્વારા માન્યતા પ્રમાણપત્ર એનાયત.
- ભારત સરકારના સહકાર મંત્રાલય દ્વારા ડિજિટલ ટેકનોલોજી અપનાવવાના ભાગરૂપે સેવા સહકારી મંડળીઓના કોમ્પ્યુટરાઈઝેશન માટે ગુજરાતની 5,754 સેવા સહકારી મંડળીઓની પસંદગી કરવામાં આવી છે. આ માટે ભારત સરકારના ફાળા સહિત કુલ રૂ. 12,362.72 લાખની માતબર રકમની આર્થિક જોગવાઈ વર્ષ 2023-24 માટે કરવામાં આવી છે.

## મહિલા સશક્તીકરણ

- મહિલા સશક્તીકરણનો નવો અધ્યાય, સૌપ્રથમ વખત મહિલાલક્ષી યોજનાઓનું બજેટ રૂ. 1 લાખ કરોડને પાર. 200થી વધુ યોજનાઓ માત્ર મહિલાલક્ષી.
- દીકરી ભણે અને આગળ વધે તે માટે 1,285 જેટલી કન્યાઓને મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના અંતર્ગત મેડિકલ શિક્ષણ (MBBS અભ્યાસક્રમ) માટે સહાય આપી.
- મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ 7.37 લાખથી વધુ સગર્ભા અને ધાત્રી માતાઓને પોષણસ્તરમાં સુધારો લાવવા દર માસે 1 કિ.ગ્રા તુવેર દાળ, 2 કિ.ગ્રા ચણા, 1 લીટર સિંગતેલ અપાયું.
- 1,91,351 જેટલી સગર્ભા મહિલાઓને પ્રધાનમંત્રી માતૃવંદના યોજના હેઠળ આર્થિક સહાય આપી સુરક્ષિત માતૃત્વ સુનિશ્ચિત કર્યું.
- મહિલા સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે નવી 121 મહિલા સુરક્ષા ટુકડી "SHE- ટીમ" કાર્યરત કરવામાં આવી. સાથે 72 પોલીસ સ્ટેશનોમાં વુમન હેલ્પ ડેસ્કની શરૂઆત.



- બાળકોને નાનપણથી જ સ્વાસ્થ્યપ્રદ જીવન આપવા માટે ભૂલકાંઓને ન્યુમોનિયાથી રક્ષણ આપતી પી.સી.વી. વેક્સિનના 36 લાખથી વધુ ડોઝ 13 લાખ બાળકોને નિઃશુલ્ક અપાયા.
- સશક્ત સમાજના નિર્માણ માટે સશક્ત મહિલાના મંત્ર સાથે મહિલા અને બાળવિકાસ વિભાગ માટે બજેટમાં રૂ. 6,064 કરોડના પરિણામલક્ષી કાર્યો માટે આર્થિક જોગવાઈ. ગત વર્ષના બજેટ કરતાં 23 ટકા વધારે આર્થિક જોગવાઈ.
- ગંભીર એનિમિયાવાળી 19,371 સગર્ભા માતાઓની ઓળખ કરીને તેમને સમયસર સારવાર પૂરી પાડવામાં આવી.
- 'આત્મનિર્ભર મહિલા, આત્મનિર્ભર ગામના ઉદ્દેશ્યને સાર્થક કરવા ગ્રામીણ મહિલા સ્વ-સહાય જૂથોને બજાર વ્યવસ્થા પૂરી પાડી તેમના દ્વારા ઉત્પાદિત કરવામાં આવેલી ચીજવસ્તુઓનું વેચાણ.
- અત્યાર સુધીમાં 16,90,791 ગંગાસ્વરૂપા બહેનોને પ્રતિમાસ રૂ. 1250 આર્થિક સહાય પૂરી પાડવામાં આવી.
- 79,00,287 સગર્ભા-ધાત્રી માતાઓ અને બાળકોને ટેકહોમ રાશન અને ગરમ નાસ્તો પૂરો પાડવામાં આવ્યો.
- 2,64,721 નવજાત શિશુની ગૃહમુલાકાત લઈને શિશુ મૃત્યુદર ઘટાડવાની દિશામાં મક્કમ પગલાં.
- 1,285 કન્યાઓને મુખ્યમંત્રી કન્યા કેળવણી નિધિ યોજના અંતર્ગત મેડિકલ શિક્ષણ માટે રૂ. 46.29 કરોડની આર્થિક સહાય આપવામાં આવી છે.
- આંગણવાડી કેન્દ્રના 1,56,228 બાળકોનું વજન અને ઊંચાઈ માપવામાં આવ્યાં.
- આંગણવાડીના 0 થી 5 વર્ષના 4,34,646 બાળકોની આધાર કાર્ડ નોંધણી અને કાર્ડમાં સુધારાની કામગીરી સંપન્ન કરવામાં આવી.
- પૂર્ણા યોજના અન્વયે આંગણવાડી કેન્દ્ર દ્વારા 1,71,495 કિશોરીઓને આરોગ્યપ્રદ પોષણ કીટ આપવામાં આવી.
- જનભાગીદારીથી પ્રતિમાસ આંગણવાડી કેન્દ્રોમાં 1,03,539 બાળકોને તિથિ ભોજન આપવામાં આવ્યું.
- શાળા આરોગ્ય અને રાષ્ટ્રીય બાલ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ અત્યાર સુધીમાં 39,07,883 બાળકોની આરોગ્ય ચકાસણી.





## વંચિતોનો વિકાસ

- વિદેશ અભ્યાસ લોન સહાય યોજના હેઠળ અનુસૂચિત જાતિના 267 વિદ્યાર્થીઓને શૈક્ષણિક લોન આપવામાં આવી.
- રાજ્ય સરકારે શ્રમિકોના માસિક વેતનમાં 25 ટકા જેટલો વધારો કર્યો. કુશળ શ્રમિકને હવે મળશે માસિક વેતન રૂ.12,324.
- શ્રમયોગીઓના કલ્યાણ માટે મુખ્યમંત્રી શ્રમિક બસેરા યોજનાની જાહેરાત કરવામાં આવી.
- 11 લાખથી વધુ શ્રમિકોને ઈ-શ્રમ હેઠળ રજિસ્ટર કરવામાં આવ્યા.
- રેશનની દુકાનમાંથી “શ્રી અન્ન” ને પ્રોત્સાહન આપવા બાજરી અને જુવારનું વિતરણ શરૂ.
- ફેરિયાઓ પગભર થઈ શકે તેવા આશયથી 30,000થી વધુ ફેરિયાઓને પી.એમ. સ્વનિધિ હેઠળ લોન આપી.
- 71 લાખ કુટુંબોને દર માસે પ્રતિ કુટુંબ 1 કિ.ગ્રા ચણાનું રાહતદરે વિતરણ તથા ઘઉં તથા ચોખાનું વિનામૂલ્યે વિતરણ.
- જરૂરિયાતમંદ લોકોને આવાસ પૂરા પાડવાના સંકલ્પ સાથે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ શહેરી અને ગ્રામીણ વિસ્તારમાં મળીને કુલ 32,000થી વધુ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું.
- અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ ભણીને પગભર થાય તે માટે અનુ. જાતિના 16,865 વિદ્યાર્થીઓને વ્યવસાયિક અભ્યાસક્રમો માટે સ્ટાઈપેન્ડ સહાય.
- અનુસૂચિત જાતિના નાગરિકોને પોતાનું સપનાનું ઘર મળે તેવા આશય સાથે 10,961 થી વધુ આંબેડકર આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું.
- સામાજિક સુરક્ષાની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ જરૂરિયાતમંદ પરિવારો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવા માટે હવે કુટુંબ ઓળખપત્ર આપવાનો નિર્ણય કરવામાં આવ્યો.
- પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના અન્વયે અનુસૂચિત જાતિના 1,836 લાભાર્થીઓને આર્થિક સહાય આપવામાં આવી.
- 7,683 લાભાર્થીઓને કુંવરબાઈનું મામેરું યોજના અંતર્ગત આર્થિક સહાય.
- ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં રૂ.1 લાખની સહાયમાં રૂ.1.50 લાખનો વધારો કરી હવેથી રૂ.2.50 લાખ સહાય આપવામાં આવશે. જાન્યુઆરી 2023 સુધીમાં 672 યુગલોને રૂ.14.08 કરોડની સહાય ચૂકવાઈ.



- અનુસૂચિત જાતિના 1,308 યુગલોને આંતરજ્ઞાતિય લગ્ન સહાય.
- રાજ્યના અનુસૂચિત જાતિના 464 લાભાર્થીઓની રૂ.10.15 કરોડના યોજનાકીય નાણાકીય લાભો માટે કોમ્પ્યુટરાઈઝડ ડ્રો મારફત પસંદગી.
- 659 અનાથ બાળકોને પાલક માતા-પિતા યોજનાનો લાભ આપવામાં આવ્યો.
- ધોરણ 1થી 10માં અભ્યાસ કરતાં 1,39,083 વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને ગણવેશ સહાય.
- પોસ્ટમેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ અનુસૂચિત જાતિના 3,59,401 વિદ્યાર્થીઓને આર્થિક સહાય આપવામાં આવી.
- 33,803 વિદ્યાર્થિનીઓને સરસ્વતી સાધના યોજના અન્વયે સાયકલ સહાય પૂરી પાડવામાં આવી.
- દિવ્યાંગજન મુદતી ધિરાણ યોજનાના 471 લાભાર્થીઓને કોમ્પ્યુટર ડ્રો દ્વારા સહાય પૂરી પાડવામાં આવી.
- 3,488 દિવ્યાંગોને પેન્શન યોજનાનો લાભ આપવામાં આવ્યો.
- 66,284 શ્રમિકોની નોંધણી ઈ-નિર્માણ પોર્ટલ પર કરીને તેમને સ્માર્ટ કાર્ડ આપવામાં આવ્યાં.
- રાજ્યમાં વધુ નવા 29 કડિયાનાકા પર શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રો શરૂ કરાયાં. કાર્યસ્થળે ફક્ત રૂ. 5માં સાત્વિક ભોજન: 3,90,000થી વધુ બાંધકામ શ્રમિકોને શ્રમિક અન્નપૂર્ણા યોજનાનો લાભ અપાયો.
- વિશ્વકર્મા જયંતીએ શ્રમ પારિતોષિકથી રાજ્યના વિવિધ ક્ષેત્રના ઔદ્યોગિક શ્રમિકોનું સન્માન.

## આદિવાસી ઉત્કર્ષ

- આદિમજૂથોના સર્વાંગી વિકાસ માટે મુખ્યમંત્રી આદિમજાતિ સર્વાંગી ઉત્કર્ષ યોજનાની જાહેરાત કરવામાં આવી.
- આદિજાતિના બાંધવો રોજગારી પ્રાપ્ત કરી શકે તે માટે 43,63,991 થી વધુ આદિવાસી બાંધવોને વાંસનું વિતરણ કરાયું.





- આદિવાસી વિસ્તારમાં પરિવહન સરળ થઈ શકે તે માટે 15 જેટલા કોઝ-વેના સ્થાને પુલોનું નિર્માણ કરવામાં આવ્યું.
- આદિવાસી વિસ્તારમાં પંચાયતી સેવાઓનો લાભ સારી રીતે મળી શકે તે માટે 37 ગામોમાં પંચાયતઘરનું નિર્માણ કરવામાં આવ્યું.
- ગંભીર એનીમિયા ધરાવતી 10,000થી વધુ આદિવાસી મહિલાઓને ઓળખ કરી તેમની જરૂરિયાત મુજબ સારવાર કરીને માતા મૃત્યુદરમાં ઘટાડો કરાયો.
- ડેરી વિકાસ યોજના અન્વયે 3511 આદિજાતિ મહિલા લાભાર્થીઓને દુધાળાં પશુ અને સાધનસહાય આપવામાં આવી.
- 87 આદિજાતિ કુટુંબોને કુલ 3.340 લાખની સ્વરોજગારી માટેની લોન સહાય આપવામાં આવી છે.
- વનઅધિકાર અધિનિયમ અંતર્ગત 1,095 અધિકારપત્રો આદિવાસી બાંધવોને આપવામાં આવ્યા.
- 2,500 આદિવાસી બાંધવોને વોકેશનલ તાલીમ આપવામાં આવી.
- વિદેશ અભ્યાસ અર્થે 22 આદિજાતિના વિદ્યાર્થીઓને રૂ.250 લાખની લોનની આર્થિક સહાય આપવામાં આવી છે.
- અરવલ્લી, છોટાઉદેપુર, મહીસાગર અને ડાંગમાં નવી મેડિકલ કોલેજોની સ્થાપના કરવાનો નિર્ણય.
- 14 આદિજાતિ જિલ્લાઓના 106 ઘટકના 2,73,597 સગર્ભા-ધાત્રીમાતાઓને એક ટંકનું સંપૂર્ણ ભોજન આપવામાં આવ્યું.

## યુવાવિકાસ

- અમૃત બજેટમાં ન્યૂ ઇન્ડિયાના નિર્માણ માટે યુવા-શક્તિના વિકાસને પ્રાથમિકતા આપવામાં આવી છે.
- રાજ્યના યુવાઓને રોજગારી મળી રહે તે માટે 10,338 જેટલી લોકરક્ષક સંવર્ગની ભરતી, 325 બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર સંવર્ગની ભરતી અને 1,287 પોલીસ સબ ઇન્સ્પેક્ટર સંવર્ગની ભરતી પૂર્ણ કરી. વધુ યુવાનોને રોજગારી મળે તે માટે આ વર્ષે નવી 8,000 ભરતીનું આયોજન.
- રાજ્યના કૌશલ્યવાન યુવાઓને રોજગાર મળી રહે તે માટે રાજ્યમાં 462 જેટલા ભરતી મેળાઓનું આયોજન.
- રાજ્યમાં એક જ દિવસમાં 2500 થી વધુ કર્મયોગીઓને



નિમણૂકપત્રો આપીને સરકારી સેવામાં જોડવામાં આવ્યા. બિન સચિવાલય ક્લાર્ક-ઓફિસ આસિસ્ટન્ટ સંવર્ગમાં 2306, ગુજરાત શિક્ષણ સેવા વર્ગ-2માં 133 અને ખેતીવાડી અધિકારી વર્ગ-2 સંવર્ગમાં 92નું નવું માનવબળ રાજ્ય વહીવટી તંત્રને પ્રાપ્ત થયું.

- યુવા ઉદ્યોગ સાહસિકો- સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપતું અપડેટેડ સ્ટાર્ટ અપ પોર્ટલ લોંચ કરવામાં આવ્યું.
- સરકારી નોકરીમાં પારદર્શિતાથી ભરતી થાય, મહેનતુ વિદ્યાર્થીઓની મહેનત એળે ન જાય એ માટે સરકારનું ઠોસ કદમ. વિધાનસભામાં ગુજરાત જાહેર પરીક્ષા (ગેરરીતિ અટકાવવા બાબત) વિધેયક-2023 પસાર. ગુજરાત જાહેર પરીક્ષા વિધેયકમાં પેપર લીક ગુનામાં 10 વર્ષ સુધીની સજા અને રૂ.1 કરોડ સુધીના દંડનો મહત્ત્વપૂર્ણ નિર્ણય.
- 1,930 વિદ્યાર્થીઓને શોધ યોજના અંતર્ગત રૂ.7.89 કરોડની આર્થિક સહાય આપવામાં આવી છે.
- રાજ્યના યુવાનો ઉચ્ચ શિક્ષણ મેળવી આગળ વધી શકે એ માટે 33,659 વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણ માટે રૂ.159.07 કરોડની આર્થિક સહાય આપવામાં આવી છે.
- સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ ઈનોવેશન પોલિસી 2.0 અંતર્ગત રાજ્યની 116 શૈક્ષણિક સંસ્થાઓને કુલ રૂ.10.22 કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.
- “સ્ટાર્ટ અપ સૃજન સીડ સપોર્ટ (s4)” અને “ઓપન ઈનોવેશન ચેલેન્જ" અંતર્ગત 150 ઈનોવેશનને રૂ.5.10 કરોડ સહાયની રકમ મંજૂર કરવામાં આવી છે.
- સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ ઈનોવેશન પોલિસી-2.0 અંતર્ગત 77 શૈક્ષણિક સંસ્થાઓને સહાય.
- 21,259 યુવાનોને એપ્રેન્ટિસશિપ તાલીમ યોજનાનો લાભ આપવામાં આવ્યો.
- GPSC વર્ગ-1 અને 2ની પરીક્ષાની તૈયારી માટે 2,500 યુવાનોને કોચિંગ આપવામાં આવ્યું.
- સરકારી ભરતી મિશન મોડ ઉપર : વિવિધ વિભાગો દ્વારા પોતાના વિભાગમાં ખાલી રહેલા મહેકમની યાદી તૈયાર કરીને તબક્કાવાર યુદ્ધના ધોરણે ભરતી કરવાની કવાયત તેજ કરવાનો અસરકારક અમલ.
- મોરબી, જામખંભાળિયા, વેરાવળ, બોટાદમાં જિલ્લા





ગ્રંથાલય સેવાઓનો આરંભ કરવામાં આવ્યો.

- ગુજરાતના અનસંગ હિરોઝના જીવનકવન પર આધારિત ગુજરાત ગૌરવગાથા શ્રેણી અંતર્ગત 25 પુસ્તકો પ્રસિદ્ધ કરાયાં
- રાજ્યભરમાં કલા મહાકુંભની 46 રાજ્યકક્ષાની સ્પર્ધાઓ સંપન્ન.

## આરોગ્યક્ષેત્રે અગ્રેસરતા

- આયુષ્યમાન ભારત યોજના હેઠળની સહાય 5 લાખથી વધારીને 10 લાખ કરવામાં આવી.
- PMJAY- MA યોજના હેઠળ, 25,85,977થી વધુ લાભાર્થીઓને વ્યક્તિગત આયુષ્માન કાર્ડ આપવામાં આવ્યાં, જેથી હવે રાજ્યમાં આયુષ્યમાન કાર્ડધારક લાભાર્થીઓની સંખ્યા વધીને 1.77 કરોડ થઈ.
- 92,40,968થી વધુ ABHA (આયુષ્માન ભારત હેલ્થ એકાઉન્ટ) શરૂ થયા જેના દ્વારા તમામ હેલ્થ રેકોર્ડ એક જ સ્થાને સ્ટોર થશે.
- 27,36,175 જેટલા લોકોનું ટેલિમેડિસિન કન્સલ્ટેશન કરવામાં આવ્યું.
- રાજ્યના દરેક જિલ્લામાં એક મેડિકલ કોલેજ સ્થાપવાની દિશામાં આ વર્ષે અરવલ્લી, છોટાઉદેપુર, મહીસાગર અને ડાંગ ચાર નવી મેડિકલ કોલેજોની બજેટમાં જાહેરાત કરવામાં આવી.
- રાજ્યમાં નર્સિંગ પ્રોફેશનલ્સ મળી રહે તે માટે 5 નવી નર્સિંગ કોલેજો શરૂ કરવાની જાહેરાત.
- 108 દ્વારા નવેમ્બર 2022 સુધીમાં રાજ્યના 1.42 કરોડથી પણ વધુ જરૂરિયાતમંદ લોકોને તાત્કાલિક આરોગ્યસેવા આપવામાં આવી.
- આરોગ્ય સુવિધાઓના સુદઢીકરણ તથા બિનચેપી રોગો અને બીજી જાહેર આરોગ્યની સમસ્યાઓના નિયંત્રણ માટે વર્લ્ડ બેંકની રૂ. 4,200 કરોડના ખર્ચે શ્રેષ્ઠ ગુજરાત પ્રોજેક્ટનો આરંભ કરવામાં આવ્યો છે. આ હેતુથી આ વર્ષના અંદાજપત્રમાં રૂ. 350 કરોડની માતબર રકમ ફાળવવામાં આવી છે.
- રાજ્યના 2,87,738 બાળકોને ઓરી રૂબેલાનો દ્વિતીય ડોઝ આપવામાં આવ્યો.
- આરોગ્યકર્મીઓ દ્વારા “આપ કે દ્વાર - આયુષ્યમાન મહાઝુંબેશ: આયુષ્યમાન કાર્ડની શ્રેષ્ઠ કામગીરી બદલ ગુજરાતને ‘આયુષ્યમાન ઉત્કૃષ્ટતા પુરસ્કાર-2022 એનાયત.



- 1,196 હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર કાર્યાન્વિત.
- 29,983 દિવ્યાંગોને 200 નિદાન શિબિરોમાં સારવાર આપવામાં આવી.
- રાજ્યની 8 આરોગ્ય સંસ્થાઓ (પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો)ને NQAS પ્રમાણપત્ર પ્રાપ્ત થતાં રાજ્યની કુલ 252 આરોગ્ય સંસ્થાઓ NQAS પ્રમાણિત બની.
- રાજ્યની 118 સરકારી આરોગ્ય સંસ્થાઓનું NQAS રાષ્ટ્રીય કક્ષાનું સર્ટિફિકેશન સંપન્ન.
- 718 સર્વરોગ નિદાન કેમ્પ યોજી કિડની સંબંધિત, હાઈબ્લડ પ્રેશર, ડાયાબિટીઝ, કેન્સર, હૃદયરોગ જેવા રોગનું નિદાન કરવામાં આવ્યું.
- રાજ્યનાં નાગરિકોને ઉત્તમ આરોગ્ય સુવિધાઓ પહોંચાડવાના હેતુથી રાજ્યની સિવિલ હોસ્પિટલ, જિલ્લા કક્ષાની હોસ્પિટલ, CHC, PHC સબ સેન્ટરોને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવાની દિશામાં મક્કમ પગલાં લેવાયાં.
- રાજ્યના 4 ઝોનમાં સુપર સ્પેશ્યાલિટી સારવાર ઉપલબ્ધ બને તે આશયથી રાજ્ય સરકાર દ્વારા માસ્ટર પ્લાન તૈયાર કરવામાં આવ્યો અને તેનો અસરકારક અમલ.
- રાજ્યના પ્રત્યેક નાગરિકનું જીવન મહત્ત્વપૂર્ણ છે તેને મંત્ર બનાવીને 13 લાખથી વધુ લોકોને અત્યંત કટોકટીમાં સારવાર આપી જીવ બચાવાયો.
- 1.73 કરોડથી વધુ લાભાર્થીઓને ‘PMJAY-મા’ યોજના હેઠળ આવરી લેવાયા.
- કિડનીના રોગના દર્દીઓને જરૂરિયાતના સમયે નજીકના સ્થળે ડાયાલિસિસ સુવિધા મળી રહે તે માટે દરેક તાલુકામાં ’વન નેશન - વન ડાયાલિસિસ’ અન્વયે ડાયાલિસિસ સેન્ટર્સ કાર્યરત. કેન્સરના રોગીઓ માટે જિલ્લાઓમાં કિમોથેરાપી કેન્દ્રો શરૂ કરાયાં.
- ઇન્ડિયન એસોસિયેશન ઓફ ફિઝિયોથેરાપીની 60મી નેશનલ કોન્ફરન્સનું ગુજરાતમાં આયોજન : 20 વર્ષ પહેલા ગુજરાતમાં 8 ફિઝિયોથેરાપી કૉલેજ હતી, આજે 84 થઈ- અગાઉની 240 સીટ વધારી 4,390 કરાઈ.
- 27મી ડિસેમ્બરે રાજ્યની તમામ સરકારી હોસ્પિટલમાં કોવિડની સુવિધાઓની ચકાસણી માટે મોકડ્રીલ યોજાઈ.
- જનહિતાર્થે આરોગ્યલક્ષી નિર્ણય: રાજ્યમાં પથરાયેલા





800થી વધુ 108 એમ્બ્યુલન્સના માળખાએ રીસ્પોન્સ ટાઇમ સરેરાશ 16 મિનિટનો થયો છે. સમગ્ર દેશમાં ગુજરાત પ્રથમ હરોળનું રાજ્ય છે કે જ્યાં 108 ઇમરજન્સી સેવા સંપૂર્ણ પેપરલેસ અને અદ્યતન ટેક્નોલોજીથી સુસજ્જ છે.

- નાગરિકોને ઝડપથી આરોગ્યવિષયક સેવા ઉપલબ્ધ થાય એ માટે 108 મોબાઈલ એપ લોન્ચ કરવામાં આવી.

## શિક્ષિત અને દીક્ષિત ગુજરાત

- ગુજરાતના યુવાનોને વિશ્વકક્ષાનું શિક્ષણ ઘરઆંગણે મળી રહે તે માટે ઓસ્ટ્રેલિયાની ડીકન યુનિવર્સિટીના સર્વ પ્રથમ ઇન્ટરનેશનલ બ્રાન્ચ કેમ્પસ ગિફ્ટ સિટીમાં સ્થપાશે.
- રાજ્યના યુવાઓ ઉચ્ચ શિક્ષણમાં આગળ વધી શકે તે માટે 33,659 યુવાનોને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ ઉચ્ચ શિક્ષણ માટે સહાય પ્રદાન કરી.
- ધોરણ 1 થી 8માં રાજ્ય સરકાર દ્વારા ખાનગી શાળામાં પ્રવેશ આપવામાં આવેલ અને ધોરણ-8નો અભ્યાસ પૂર્ણ કરી ધોરણ 9 થી 12માં અભ્યાસ માટે 25,000 પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને સ્કૂલ વાઉચર આપવા માટેની યોજનાની જાહેરાત કરી.
- મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ હેઠળ,7,415 થી વધુ વર્ગખંડોના બાંધકામની કામગીરી શરૂ અને 21,852થી વધુ સ્માર્ટ ક્લાસરૂમના ઈન્સ્ટોલેશનની કામગીરી પૂર્ણ.
- માતૃભાષાને પ્રોત્સાહન અને રક્ષણ આપવા રાજ્યની તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં હવેથી ધોરણ 1 થી 8 સુધી ગુજરાતી ભાષાના ફરજિયાત શિક્ષણનું નક્કર અમલીકરણઃ 'ગુજરાત ફરજિયાત ગુજરાતી ભાષાના શિક્ષણ અને અભ્યાસ બાબત વિધેયક, 2023' વિધાનસભા ગૃહમાં સર્વાનુમતે પસાર.
- રાજ્યના 2,65,984 વિદ્યાર્થીઓને પ્રાથમિક અને માધ્યમિક શિષ્યવૃત્તિ પરીક્ષા માટે વિનામૂલ્યે કોચિંગ.
- રાજ્યના 2,04,177 વિદ્યાર્થીઓને NMMS પરીક્ષાની વિનામૂલ્યે તાલીમ.
- ધોરણ 9 થી કોલેજ સુધીનો અભ્યાસ કરતાં રાજ્યના 6,845 વિદ્યાર્થીઓને રૂ.12 હજાર સબસિડીના લાભ સાથે બેટરી સંચાલિત દ્વિચક્રીય વાહન માટે સહાય આપવામાં આવી.
- રાજ્યનાં નાનામાં નાના ગામ અને કસ્બા સુધી શિક્ષણ પહોંચે તે માટે જૂન-2023થી શરૂ થતા નવા સત્ર અન્વયે પ્રાથમિક શાળામાં વર્ગ વધારવાની મંજૂરી માટે સમયગાળો લંબાવાયો.



- '21 ફેબ્રુઆરી - વિશ્વ માતૃભાષા દિવસ'ની રાજ્યકક્ષાની ઊજવણી "મારી ભાષા મારું ગૌરવ" વિષય પર બાળકો અને શિક્ષકો દ્વારા સૂત્રોની પ્રસ્તુતિઃ રાજ્યમાં 100 જેટલાં સ્થળોએ નિદર્શન.
- શાળામાં ભણતા બાળકોની બેગનું વજન હળવું કરી, ભાર વગરના ભણતરના ધ્યેયને સાકાર કરવા ધોરણ 6 થી 8માં અભ્યાસ કરતા પ્રિ-વોકેશનલ વિદ્યાર્થીઓ માટે 10 'બેગલેસ ડે
- આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત 775 જેટલી વિવિધ સમસ્યાઓના ઉકેલ માટે તા.10-11 ફેબ્રુઆરી-2023ના રોજ રાજ્યના 10 કેન્દ્રો ઉપર હેકાથોન-2022નો ફાઈનલ રાઉન્ડ યોજવામાં આવેલ, જેમાં અંદાજિત 2,400થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.
- ગુજરાત યુનિવર્સિટી ખાતે ક્લાયમેટ ચેન્જ વિભાગની શરૂઆત કરવામાં આવી.
- 110 જેટલી સરકારી કોલેજોમાં લાઈબ્રેરી માટે 3.50 લાખના પુસ્તકો વસાવવામાં આવ્યાં છે.
- 32 જેટલી સરકારી કોલેજોમાં વિજ્ઞાન લેબોરેટરીને 3.2 કરોડની સાધનસામગ્રીથી સુસજ્જ કરવામાં આવી છે.
- ખ્યાતનામ આંતરરાષ્ટ્રીય સંસ્થા ઓર્ગેનાઈઝેશન કોર ઈકોનોમિક કો-ઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ (OECD) સાથે એગ્રિમેન્ટ કરનારું ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું.
- રાજ્યના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ધોરણ 6 થી 12 સુધીનું શ્રેષ્ઠ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ વિનામૂલ્યે મળે એ માટે સામાજિક ભાગીદારી સાથે ઉચ્ચસ્તરીય શૈક્ષણિક સુવિધા ધરાવતી 400 'જ્ઞાનસેતુ ડે સ્કૂલ' કાર્યરત.

## ઉદ્યોગ ક્ષેત્રે અગ્રેસરતા

- રાજ્યમાં વિશ્વસ્તરીય 56 જેટલી વિવિધ ક્ષેત્રની મોટી કંપનીઓ સાથે 79,375 રૂપિયાના એમ.ઓ.યુ. કરી જંગી મૂડીરોકાણ આકર્ષ્યું. જેના દ્વારા 50,000થી વધુ રોજગારીનું સર્જન થશે.
- ગ્રામીણ મહિલાઓમાં ડિજિટલ લીટરસી વધારવા સાથે





બાળકો-વિદ્યાર્થીઓ અને યુવાઓના ક્ષમતાનિર્માણ- સ્કીલિંગને વધુ વેગ મળે તે માટે દર વર્ષે અંદાજે 50,000 જેટલા લોકોને આવી તાલીમ પૂરી પાડવા માટે ગુગલ સાથે મહત્ત્વપૂર્ણ સ્ટ્રેટેજિક પાર્ટનરશિપ.

- ગુજરાતના કાપડ ઉદ્યોગને પ્રોત્સાહન આપતો “પી. એમ. મિત્ર ટેક્ષટાઈલ પાર્ક” નવસારી ખાતે સ્થાપવાનો નિર્ણય.
- GMDCએ રાષ્ટ્રીય કક્ષાની હરાજીમાં ઓડિશા ખાતે 1,500 મિલિયન ટનથી કોલસાની ખાણની હરાજી જીતી. જે ગુજરાતને એનર્જી સિક્યોરિટીની દિશામાં અગ્રેસર બનાવશે.
- NRG સેન્ટર્સના સાત ડાયસ્પોરા – ગૃપ સાથે G20 સમીટના સંદર્ભમાં વર્ચ્યુઅલ મીટિંગનું સફળતાપૂર્વક આયોજન સંપન્ન.
- અમદાવાદમાં G20ની અર્બન-20 શેરપા ઈન્સેપ્શન બેઠક સંપન્નઃ રાજ્યમાં શહેરી સુખાકારીની દિશામાં નવતર કદમ મંડાશે.
- G20ની પ્રથમ ઈવેન્ટ ‘બિઝનેસ 20(B20) ઈન્સેપ્શન મીટિંગ’ ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે સફળ આયોજનઃ રાજ્યના ઔદ્યોગિક વિકાસને આ ચિંતનથી વેગ મળશે.
- G20ની બીજી બેઠક ધોરડોમાં યોજાઈ : ગ્લોબલ ટૂરિઝમ સહિતના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી, પરિણામે રાજ્યના પ્રવાસન ઉદ્યોગની નવી દિશા કંડારાશે.
- G20 એન્વાયર્નમેન્ટ એન્ડ કલાઈમેટ સસ્ટેનેબિલિટી વર્કીંગ ગ્રુપની બીજી ત્રિ-દિવસીય મહત્ત્વપૂર્ણ બેઠક સફળતાપૂર્વક સંપન્ન.
- G20 અંતર્ગત ડિઝાસ્ટર મેનેજમેન્ટ વર્કિંગ ગ્રુપની બેઠકનું આયોજનઃ આપત્તિ વ્યવસ્થાપન અંગે મહત્ત્વપૂર્ણ માર્ગદર્શનથી ગુજરાતને આગામી સમયમાં લાભ મળશે.
- 212 જેટલી વિવિધ ઇન્ડસ્ટ્રી, ચેમ્બર, ઉદ્યોગો અને સંગઠનો સાથે મળીને 15 સ્ટાર્ટઅપ ડેમોનું આયોજન.
- મુખ્ય ખનીજોની પારદર્શક અને ભેદભાવમુક્ત પદ્ધતિથી 7 ઈ-ઓકશન સંપન્ન.
- પારદર્શક પ્રક્રિયાથી ગૌણ ખનીજો માટે 54 ઈ-ઓકશન સંપન્ન.
- GIDCના તમામ પરિપત્રોનું વન સ્ટોપ કમ્પેનિયમ પોર્ટલ લોન્ચ.



- સ્ટાર્ટઅપ માટે રોકાણકારો, ઈન્ક્યુબેટર્સ મેન્ટર્સ જેવા હિસ્સેદારોને જોડવાની સુવિધા પૂરી પાડતું ઓનલાઈન પોર્ટલ લોન્ચ.
- રાજ્યમાં ઉદ્યોગોના વિકાસ અને રોજગારીની તકોમાં વધારો કરવા રાજકોટના ખીરસરા ઔદ્યોગિક વસાહતના 161 ઔદ્યોગિક પ્લૉટની પારદર્શક રીતે ફાળવણી.
- ગિફ્ટ સિટીમાં IFSCA ખાતે વ્યાપારવૃદ્ધિ માટેની નવતર પહેલ તેમજ લેબગ્રોન ડાયમન્ડના ઉત્પાદનને વૃદ્ધિ આપવાનો આગવો પ્રયાસ.
- કોપર ટ્યુબ ઉત્પાદનનો અદ્યતન પ્રથમ પ્લાન્ટ ગુજરાતમાં સ્થપાશે જેના થકી 1,500 જેટલી પ્રત્યક્ષ-પરોક્ષ રોજગારીનું સર્જન થશે.
- ‘ધ આત્મનિર્ભર ગુજરાત સ્કીમ્સ ફોર આસિસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ’ યોજના અંતર્ગત 20 ફેબ્રુઆરી-2023ના રોજ એક જ દિવસમાં રૂ. 9,852 કરોડના MoU સંપન્ન.
- ધોલેરા સ્પેશિયલ ઇન્વેસ્ટમેન્ટ રિજીયનમાં અમેરિકન કંપનીઓને એરોસ્પેસ એન્ડ ડિફેન્સ- ઓટોમોટિવ એન્ડ એન્સીલીયરીઝ સેક્ટરમાં રોકાણો કરવા આમંત્રણ.
- હરિત ઊર્જાને પ્રોત્સાહન આપવા 40 હજાર કરોડ રૂપિયાના રોકાણ સાથે ગુજરાતમાં ગ્રીન હાઈડ્રોજન-ગ્રીન એમોનિયા ઉત્પાદન તથા જરૂરી રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ 2030 સુધીમાં બે તબક્કામાં શરૂ કરાશે.
- ‘વન ડિસ્ટ્રીક્ટ, વન પ્રોડક્ટ’ હેઠળ પાટણના પટોળા, જામનગરની બાંધણી અને કચ્છના ભરતકામને G.I. ટેગ પ્રાપ્ત.
- MSME ઉદ્યોગકારોને રાજ્યના અન્ય વિભાગોની મંજૂરીઓ વધુ ઝડપથી મળે તે હેતુથી ’કેસિલિટેશન ડેસ્ક’નો આરંભ.
- આઇ ક્રિએટ-લાઇફ સાયન્સીસ-ગિફ્ટ સિટીમાં ફિનટેક-સ્ટાર્ટઅપ જેવાં ક્ષેત્રોમાં સંશોધન અને વ્યૂહાત્મક સહયોગ માટે ડેલવેરની અગ્રણી સંસ્થાઓને નિમંત્રણ.

## ગ્રામવિકાસ

- સામાન્ય માનવી-ગરીબ ગ્રામીણ વ્યક્તિને ગુણવત્તાયુક્ત સેવા-સુવિધા આપવા-ગ્રાન્ટનાં નાણાંનો પૂરેપૂરો સદ્ઉપયોગ થાય તે માટે પંચાયતોમાં નાગરિકોને





અપાતી 55 જેટલી સેવાઓમાં વધુ 321 જેટલી સેવાઓ જોડીને લોકોને ઘરઆંગણે સેવાઓ ઉપલબ્ધ.

- ગ્રામ્ય વિસ્તારમાં જળસંચયને પ્રોત્સાહન મળે અને પાણીની સમસ્યાનું સમાધાન થાય તે માટે 375 જેટલાં અમૃત સરોવરોનું નિર્માણ કરવામાં આવ્યું.
- ગ્રામ્ય વિસ્તારમાં ઊર્જાક્ષેત્રમાં લોકો આત્મનિર્ભર બને તે માટે ગોબરધન યોજના હેઠળ 4,100થી વધુ વ્યક્તિગત બાયોગેસ પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યા.
- 15મા નાણાપંચ અંતર્ગત અંદાજે 24,858 ઉપરાંતનાં વિકાસકામો પૂર્ણ કરવામાં આવ્યાં.
- પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના અન્વયે 7,870 વોટર હાર્વેસ્ટિંગ સ્ટ્રક્ચર, વૉટર શેડ ડેવલપમેન્ટ, સોઈલ મોઈશ્ચર વર્ક વગેરેનાં કામો કરવામાં આવ્યાં.
- મહાત્મા ગાંધી નરેગા યોજના અંતર્ગત રાજ્યની 13,000થી વધુ ગ્રામપંચાયતોમાં 1,09,67,363 માનવદિન રોજગારીનું નિર્માણ.
- રાજ્યમાં 133 ગ્રામ પંચાયત ઘરોનું નિર્માણ કરવામાં આવ્યું.
- પ્રજાના પ્રશ્નોના સત્વરે નિકાલ માટે રાજ્યભરમાં 669 રાત્રીસભાઓ યોજવામાં આવી.
- ઈ-ગ્રામ સેન્ટરોમાં 1800 કોમ્પ્યુટર અને પ્રિન્ટર રીપ્લેસ કરવામાં આવ્યાં.
- ગ્રામપંચાયત કક્ષાએ આધારકાર્ડની સુવિધા પૂરી પાડવા માટે 500 કેન્દ્રો શરૂ કરવામાં આવ્યાં.
- જિલ્લા કક્ષાએ 249 પશુધન નિરીક્ષકની નિમણૂક કરવામાં આવી.
- દેશનાં બે નમૂનારૂપ અમૃત સરોવરમાં બોટાદ જિલ્લાના ઉગામેડી ગામની પસંદગી.12.74 એકરમાં ફેલાયેલા અમૃત સરોવરનું પાણી 10-15 ગામોના ખેડૂતોની 1,200 હેક્ટર ખેતીના પિયત માટે મદદરૂપ બન્યું. આ સરોવર, બાજુમાં 200 ગાયોની ગૌશાળાનાં પશુઓને પણ પીવાનું પાણી પૂરું પાડી રહ્યું છે.

## સ્માર્ટ અને સુવિધાપૂર્ણ શહેરો

- અમદાવાદ, ભાવનગર, જામનગર, જુનાગઢ, અને રાજકોટ જિલ્લામાં શહેરી વિકાસ સત્તામંડળ હેઠળ આવતાં ગામડાંઓમાં ડોર ટૂ ડોર ઘન કચરાનું કલેક્શન.
- શહેરી વિકાસને વેગ આપતી અને નાગરિકોને સુખાકારી પ્રદાન કરતી રાજ્યમાં 25 જેટલી નવી ટી.પી. સ્કીમ્સ મંજૂર કરવામાં આવી.



- ક્લીન અને ગ્રીન ઊર્જાને પ્રોત્સાહન આપીને રાજ્યનાં લગભગ 92 હજાર જેટલાં ઘરો પર સોલાર રૂફટોપ સિસ્ટમ લગાડવામાં આવી.
- અમદાવાદ મહાનગરપાલિકાની 14 સબ રજિસ્ટ્રાર કચેરીમાં પ્રોવિઝન ઓફ સેકન્ડરી કનેક્ટિવિટીની વ્યવસ્થા સંપન્ન કરાઈ.
- પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી હેઠળ 25,230 આવાસોનું નિર્માણકાર્ય સંપન્ન.
- અર્બન ગ્રિવન્સ રિડ્રેસલ મોનીટરીંગ સિસ્ટમ'ના માધ્યમથી 8 મનપાઓની વેબસાઈટ્સને સી.એમ ડેશબોર્ડ સાથે જોડી મહાનગરોના નાગરિકોની ઓનલાઇન કે ઓફલાઇન ફરિયાદોનું સીધું જ મોનિટરીંગ હવે UGRMS વડે CM ડેશબોર્ડ પરથી થઈ શકશે.
- રાજ્યમાં રખડતા આખલાઓના ખસીકરણ માટે વિશેષ ઝુંબેશઃ રાજ્યની 8 મહાનગરપાલિકા અને 156 નગરપાલિકાઓ ઉપરાંત ગ્રામ્ય વિસ્તારમાં આ ઝુંબેશ અંતર્ગત અંદાજે 50,000 રખડતા આખલાઓનું ખસીકરણ કરાશે.
- 400થી વધુ ટી.પી. સ્કીમ પબ્લિક ડોમેઈનમાં નાગરિકોની જાણકારી માટે મૂકી દેવામાં આવી.
- 8 મહાનગરોમાં ટી.પી સ્કીમ ઝડપથી પૂર્ણ કરી ઝીરો પેન્ડન્સી લક્ષ્યાંક માટે મહાનગરોના કમિશનરોને દિશાનિર્દેશો અપાયા.
- લોકહિતને કેન્દ્રસ્થાને રાખી ગુજરાત અનઅધિકૃત વિકાસને નિયમિત કરવા બાબત સુધારા વિધેયક-2023 વિધાનસભામાં પસારઃ આ વિધેયકથી ગુજરાતના શહેરી વિસ્તારમાં રહેતા અંદાજે 50% રહેવાસીઓને લાભ મળશે.
- રાજ્યની 8 મહાનગરપાલિકાઓમાં 17 તેમજ છ ઝોનમાં 88 મળી કુલ 105 કેટલ પોન્ડ કાર્યરત કરાયા.
- રાજ્યમાં નોન-યુઝેબલ સરકારી બિલ્ડિંગની યાદી તૈયાર કરીને જરૂરિયાત પ્રમાણે નવા બિલ્ડિંગના નિર્માણનો નિર્ણય.
- વૈષ્ણોદેવી જંક્શન પાસે રૂ. 40.36 કરોડના ખર્ચે ઔડા દ્વારા નવનિર્મિત અંડરપાસ જનસમર્પિત થતા મુસાફરોને યાતાયાતમાં રાહત.





- ગુજરાત રેરા ઓથોરિટીને ઉત્તમ ગુણવત્તાલક્ષી સંચાલન બદલ આંતરરાષ્ટ્રીય સ્તરનું ISO 9001: 2015 પ્રમાણિત સંસ્થા બનવાનું ગૌરવ પ્રાપ્ત.
- 74મુ પ્રજાસત્તાક પર્વ- રાજ્યકક્ષાની ઉજવણી બોટાદમાં: રૂ.298 કરોડનાં વિકાસકાર્યોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત.

## સુદૃઢ પરિવહન

- રાજ્યમાં નવા 7 ફ્લાયઓવર બનાવવાની કામગીરી સંપન્ન થઈ.
- રૂા. 89 કરોડના ખર્ચે ગોંડલ ચોકડી ખાતે તૈયાર થયેલો સિક્સ લેન ઓવરબ્રિજ જન સમર્પિત.
- વાહનોથી થતું પ્રદૂષણ દૂર કરવાની સાથોસાથ વાહનોની ફિટનેસ તેમજ રોડ સેફ્ટીને પ્રાધાન્ય આપવા રાજ્યમાં વાહન સ્કેપીંગ પોલિસીની અસરકારક અમલવારી માટે 204 ફિટનેસ સેન્ટરને પ્રાથમિક મંજૂરી.
- રાજ્યના નાગરિકોની સુખાકારી માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન-વ્યવહાર નિગમે કુલ 53 કરોડ રૂપિયાના ખર્ચે નવી 151 બસ જનતાની સેવામાં સમર્પિત કરી, 40 સ્લીપર કોચ અને 111 લક્ઝરી કોચ એમ કુલ 151 બસોનું ગાંધીનગરમાં લોકાર્પણ.
- ગુજરાત વાહન વ્યવહાર નિગમની 184 રજૂઆતો પૈકી 81નો સ્થળ પર જ નિકાલ કરાયો : બાકી રહેલા તમામ પ્રશ્નોનો નિકાલ લાવવા પ્રતિબદ્ધતા.
- બેટરી સંચાલિત વાહન સહાય યોજના અન્વયે 7,256 લાભાર્થીઓને સહાય આપવામાં આવી.

## અન્ન નાગરિક પુરવઠો

- રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-2013 (NFSA) અન્વયે સમાવિષ્ટ કરવા માટે પાત્રતાના ધોરણમાં સુધારો કરીને 2,29,531 લોકોને આવરી લેવાયા.
- NFSA હેઠળ 12,361 કુટુંબોને 1 કિલોગ્રામ ચણાનું રાહત દરે વિતરણ.
- NFSA હેઠળ સમાવિષ્ટ રાજ્યના 4,81,020 કુટુંબોને પ્રતિમાસ ઘઉં અને ચોખાનું વિનામૂલ્યે વિતરણ.
- પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના હેઠળ 23,94,674 કુટુંબોને રાજ્ય સરકારના ખર્ચે એક ગેસ સિલિન્ડરનું વિનામૂલ્યે રિફીલીંગ.



- ગરીબ અને મધ્યમ વર્ગના કુટુંબોને વિનામૂલ્યે કે રાહત દરે મળતા અનાજનો જથ્થો બારોબાર વેચી દેનારા આરોપીઓને કડકમાં કડક સજા કરાવી શકાય તે માટે સરકારનો રાજ્યસ્તરની SIT (સ્પેશયલ ઈન્વેસ્ટીગેશન ટીમ) બનાવવાનો નિર્ણય.

## સલામત અને સુરક્ષિત ગુજરાત

- 8,982 બિનહથિયારી પોલીસ કોન્સ્ટેબલોની અને 4,522 હથિયારી પોલીસ કોન્સ્ટેબલોની પારદર્શક રીતે ભરતી.
- 1,287 પોલીસ સબ ઇન્સ્પેકટર સંવર્ગમાં અને 325 બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર સંવર્ગની પારદર્શક પ્રક્રિયાથી ભરતી.
- 10,338 લોકરક્ષક સંવર્ગમાં ભરતી કરવામાં આવી.
- નાગરિકોને પારદર્શી અને ઝડપી સુવિધા આપવા ગુજરાત પોલીસ દ્વારા e-FIRમાં મળેલી ફરિયાદોની પુનઃતપાસ કરી ગુનો નોંધવા માટે ઝુંબેશનું આયોજનઃ e-FIR સિસ્ટમથી અત્યાર સુધીમાં 7,900થી પણ વધુ અરજીઓ મળી.
- વ્યાજખોરો વિરુદ્ધ સખતમાં સખત પગલાં લેવા તેમજ નિર્દોષ જરૂરિયાતમંદ નાગરિકોને વ્યાજખોરોના ત્રાસમાંથી મુક્ત કરાવવા રાજ્યવ્યાપી ડ્રાઇવ યોજાઈ, જેમાં 847 FIR દાખલઃ 1,275 આરોપીઓની અટકાયત.
- દેશની સૌ પ્રથમ "ફોરેન્સિક હેકાથોન" અને 25મી ઓલ ઇન્ડિયા ફોરેન્સિક સાયન્સ કોન્ફરન્સનું સફળ આયોજન
- પક્ષીઓ અને પર્યાવરણના જતન માટે ચાઈનીઝ દોરા, માંજા, નાયલોન દોરા તથા ચાઈનીઝ લેન્ટર્નના વેચાણ, સંગ્રહ, ઉત્પાદન અને ઉપયોગ અંગે નાગરિકો ફરિયાદ કરી શકે એ માટે ડાયલ 100 હેલ્પલાઇન.
- રાજ્યવ્યાપી લોકદરબારનું આયોજન કરાયું. રાજ્ય પોલીસ દળના ઉચ્ચ અધિકારીઓએ નાગરિકોના પ્રશ્નો સાંભળીને તેના નિવારણ માટે સંનિષ્ઠ પ્રયાસો કર્યા : ગેરકાયદે વ્યાજ વસૂલતા કસૂરવારો સામે કાયદેસરની કડક કાર્યવાહી.
- ગુજરાતના ત્રિનેત્ર-ઈન્ટીગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (i3C)ને નેશનલ ઈ-ગવર્નન્સ ગોલ્ડ એવોર્ડ.



## લોકાભિમુખ વહીવટ



- અમૃતકાળમાં ગુજરાતને અગ્રેસર બનાવતું. સતત બીજા વર્ષે એક પણ નવા કરવેરા વિનાનું રાજ્યનું અત્યાર સુધીનું સૌથી મોટું રૂ.01,022 કરોડ રૂપિયાનું વર્ષ 2023-24નું ઐતિહાસિક વિશાળ કદ ધરાવતું જનહિતલક્ષી બજેટ. અંદાજપત્રમાં મૂડી ખર્ચની 72,509 કરોડની જોગવાઈ: જે ગત વર્ષની સરખામણીમાં 91% કરતાં વધારે છે.
- માતૃભાષાને પ્રોત્સાહન અને રક્ષણ થકી રાજ્યની ‘સંસ્કૃતિ’ અને “અસ્મિતા” જાળવી શકાય તે માટે ધોરણ 1થી 8 સુધી ગુજરાતી ભાષાનું શિક્ષણ ફરજિયાત કરતો કાયદો બનાવ્યો.
- જાહેર ભરતી તથા બોર્ડની પરીક્ષામાં થતી ગેરરીતિ પર નિયંત્રણ લાવવા માટે કડક કાયદો બનાવાયો. સરકારી ભરતી પરીક્ષામાં ગેરરીતિ રોકવા કડકમાં કડક સજાનું વિધેયક લાવીને સરકાર યુવાનોના ભવિષ્યને ધૂંધળું થતું અટકાવવા પ્રતિબદ્ધ બની છે.
- રાજ્યના સામાન્ય અને જરૂરિયાતમંદ નાગરિકોને વ્યાજખોરીની ચુંગાલમાંથી મુક્ત કરાવવા માટે 4,000 જેટલા લોકદરબાર યોજવામાં આવ્યા જેમાં 1,29,000 થી વધુ લોકો હાજર રહ્યા. 22 હજાર જેટલા લોકોને સરકાર દ્વારા 261.97 કરોડ રૂપિયાની લોન અપાવી.
- સરકારી અનાજની ચોરી કે ગેરરીતિ અટકાવવા માટે રાજ્ય સ્તરની ખાસ તપાસ દળ (SIT)ની રચના કરાઈ.
- પીએમ ગતિશક્તિ ગુજરાત પોર્ટલ સાથે ઈ-સરકારનું ઈન્ટિગ્રેશન.
- ઈ-સરકારમાં UIનું નવું કોન્ફીગરેશન અમલમાં મૂક્યું.
- પરફોર્મન્સ મેનેજમેન્ટ સુદઢ કરવા માટે ઈ-સરકારને સીએમ ડેશબોર્ડ સાથે ઈન્ટિગ્રેટ કરવામાં આવ્યું.
- રાજ્યની વિકાસયાત્રાને વધુ વેગવાન બનાવવા નવીન વિઝન-ડોક્યુમેન્ટેશન સાથે એક્શન પ્લાન અમલમાં મુકાયો.
- દસ્તાવેજની નકલો ડિજિટલ સ્વરૂપે સંગ્રહ કરવાની કામગીરીના ભાગરૂપે રાજ્યની 236 સરકારી કચેરીઓમાં પાયલોટ પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો.
- પેમેન્ટ ફેલ્યોર ઘટાડવા માટે એસટીપી નવું પેમેન્ટ ગેટવે GARVI 2.0 શરૂ કરવામાં આવ્યું. 50 હજાર સુધીના પેમેન્ટ માટેની વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી.



- વિકેન્દ્રિત જિલ્લા આયોજન હેઠળ 20,000થી વધુ જનસુખાકારીનાં કાર્યો સંપન્ન કરાયાં.
- ઓનલાઈન પોર્ટલ મારફતે એડવાન્સ પ્રોપર્ટી ટેક્સ ભરનારા કરદાતાને વધારાનું 5 ટકા રિબેટ.
- 2023-24ના વર્ષના પ્રોપર્ટી ટેક્સની રકમ તા. 30 જૂન-2023 સુધીમાં એડવાન્સ ભરનારા કરદાતાને 10 ટકા રિબેટ.
- ડિસેમ્બર મહિનામાં રાજ્ય-જિલ્લા-તાલુકા અને ગ્રામ સ્વાગત મળી 2,961 રજૂઆતોમાંથી 2,546નું સકારાત્મક નિવારણ.
- જનતાના પ્રશ્નોની રજૂઆતો સાંભળી તેના નિરાકરણ માટે તમામ મંત્રીશ્રીઓ પ્રતિ સોમવારે સવારે 10:30 કલાકથી સ્વર્ણિમ સંકુલ-ગાંધીનગરમાં મળવાનો નિર્ણય.
- ડિજિટલ ગવર્નન્સના નવતર અભિગમની પરિપાટીએ અદ્યતન ટેકનોલોજી આધારિત આ મોડ્યુલ્સ - વિઝિટર્સ મેનેજમેન્ટ સિસ્ટમ, અર્બન ગ્રિવેન્સ રિડ્રેસલ મોનીટરીંગ સિસ્ટમ, CMO વોટ્સએપ બોટ મોડ્યુલનો શુભારંભ
- વોટ્સએપ બોટ’ દ્વારા નાગરિકો મુખ્યમંત્રીશ્રીની મુલાકાત માટેનો સમય માંગવાના સંપર્કસૂત્રની તેમ જ મુખ્યમંત્રી રાહત નિધિનો લાભ મેળવવા માટેની માહિતી મેળવી શકશે.
- નાગરિકોની સુવિધા માટે મહત્ત્વપૂર્ણ નિર્ણય : ગુજરાત રેગ્યુલરાઈઝેશન ઓફ અનઓથોરાઈઝ્ડ ડેવલપમેન્ટ એક્ટ 2022 અન્વયેની અરજીઓ ઓફલાઇન પણ સ્વીકારવાનો પ્રજાલક્ષી નિર્ણય.
- રાજ્યમાં થતા ઝડપી ઔદ્યોગિક, શહેરી તથા ગ્રામ્ય વિકાસ અને આર્થિક પ્રવૃત્તિઓને લીધે બદલાતી પરિસ્થિતિ ધ્યાને લેતાં રાજ્યમાં સ્થાવર મિલકતના વધેલા ભાવો મુજબ નાગરિકોની સ્થાવર મિલકતના બજારભાવ નક્કી થઈ શકશે.
- રાજ્યની જી.આઈ.ડી.સીમાં અનઅધિકૃત બાંધકામોને નિયમિત કરવાનો મહત્ત્વનો નિર્ણય : 50 ચો.મી.થી લઈને 300 ચો.મી.થી વધુ કદનાં બાંધકામો નિયમિત કરાશે.
- રાજ્ય સરકારના વિવિધ સંવર્ગોમાં બઢતી માટેની ખાતાકીય પરીક્ષાઓનું સત્વરે આયોજન કરવાનો નિર્ણય





- આ વર્ષે માટી ખોદાણના કામ માટેનો ભાવ પ્રતિ ઘન.મી. રૂ. 40 થી વધારીને બાવન રૂપિયા કરવાનો સ્તુત્ય નિર્ણય.
- રાજ્યની સબ-રજીસ્ટ્રાર કચેરીઓમાં નાણાકીય વર્ષના અંતમાં દસ્તાવેજ નોંધણીની કામગીરી વધારે રહેતી હોઈ જાહેર જનતાના હિતને ધ્યાનમાં રાખી જાહેર રજાના દિવસોએ રાજ્યના 18 જિલ્લાની બાવન સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં દસ્તાવેજ નોંધણી અંગેની કામગીરી ચાલુ રાખવામાં આવી.
- સ્વામિત્વ યોજના અંતર્ગત 23,696 પ્રોપર્ટી કાર્ડનું વિતરણ – 577 ગામોનું બાકી રહેલું ગ્રાઉન્ડ ટ્રુથીંગ પૂર્ણ કરવામાં આવ્યું.

## પાણીદાર ગુજરાત

- ગ્રામ્ય સ્તરે પાણી વિતરણ કરતાં 8,033 પંચાયત ઓપરેટરોને ટૂલકીટનું વિતરણ કરવામાં આવ્યું.
- 1,67,321 વોટર ક્વોલિટી સેમ્પલનું ટેસ્ટીંગ કરવામાં આવ્યું.
- સૌરાષ્ટ્રમાં પાણીની સગવડ આપવા નર્મદાનાં નીર થકી સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રનાં જળાશયો ભરવાનો નિર્ણય.
- સૌની યોજના દ્વારા સૌરાષ્ટ્રના 11 જિલ્લાનાં જળાશયો ભરાતાં ખેડૂતોને રવી પાક માટે પૂરતું પાણી આપવાનું કાર્ય સંપન્ન.
- સુજલામ્ સુફલામ્ જળઅભિયાનની સફળતાને પગલે માર્ચ-એપ્રિલના સ્થાને રાજ્ય સરકારે જળસંચય અભિયાનનો ફેબ્રુઆરી - 2023થી જ પ્રારંભ કરીને રાજ્યના ખેડૂતોને મહત્તમ લાભ પહોંચાડવાનો નિર્ધાર કર્યો, જેના ભાગરૂપે ફેબ્રુઆરી-2023થી સુજલામ્ સુફલામ્ જળસંચય અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો.
- રાજ્યભરમાં 'અટલ ભૂજલ યોજના' હેઠળના વિસ્તારોમાં અટલ ભૂજલ પખવાડિયાની ઉજવણી : આ યોજના હેઠળ રાજ્યમાં ભૂગર્ભજળ નીચાં ગયાં છે તેવા ગાંધીનગર, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, બનાસકાંઠા અને કચ્છ જિલ્લાઓના 36 તાલુકાઓની 1,873 ગ્રામ પંચાયતોનો સમાવેશ.
- નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના વિવિધ સંવર્ગોમાં પસંદગી પામેલ ઉમેદવારોને નિમણૂક પત્ર એનાયત.



- દેશના અમૃતકાળમાં જળસંચયને વેગ આપતાં 75 અમૃત સરોવર દરેક જિલ્લામાં નિર્માણ કરી ગુજરાતને દેશનું દિશાદર્શક બનાવવાની નેમ.
- વિવિધ વીજ પ્રકલ્પો થકી નર્મદા યોજનાના ઇતિહાસમાં સૌથી વધારે રૂ.1,684 કરોડની કિંમતનું કુલ 421 કરોડ વીજયુનિટ ઉત્પાદન નોંધાયું. નર્મદા બંધ ઓવરફ્લો થતાં 1.35 મિલીયન એકર ફૂટ જેટલા વધારાના પાણીથી ઉત્તર ગુજરાતના 957, સૌરાષ્ટ્રના 196 તળાવો તેમજ 71 બંધો ભરાયા.

## પ્રવાસનનો પમરાટ

- રાજ્યમાં પ્રવાસન પ્રવૃત્તિઓને વેગ આપવા માટે બજેટમાં ગત વર્ષની સરખામણીમાં સાડા ત્રણ ગણાનો વધારો કરીને રૂપિયા 2,077 કરોડની માતબર જોગવાઈ કરવામાં આવી છે.
- ધરોઈ-અંબાજી બંધ પરિક્ષેત્રને સ્ટેચ્યુ ઓફ યુનિટીની પેટર્ન પર વિકસાવવા માટે 300 કરોડ રૂપિયાની ફાળવણી.
- દ્વારકાધીશ મંદિર અને પરિસરનો સંપૂર્ણ વિકાસ કરવા માટે યાત્રાધામ કોરીડોર બનાવ્યો.
- સીમાવર્તી વિસ્તારને રોડથી સંપૂર્ણપણે જોડવા માટે પરિક્રમા પથનું નિર્માણ કરવાનો નિર્ણય.
- રાજ્યમાં પરિવહનને વેગવંતુ બનાવવા રૂપિયા 3,100 કરોડના ખર્ચે રાજ્યમાં બનશે 6 હાઈ સ્પીડ કોરીડોર.
- સ્થાનિક-આંતરરાષ્ટ્રીય પ્રવાસીઓના રિયલ ટાઈમ ડેટા માટે "આતિથ્યમ્ ડેશબોર્ડનું લોન્ચિંગ કરનાર ગુજરાત પ્રથમ રાજ્ય.
- ધોરડોમાં સફેદ રણના વિહંગાવલોકન માટે હેલિકોપ્ટર જોય રાઈડ સેવા શરૂ કરવામાં આવી.
- જૂનાગઢમાં ઉપરકોટ કિલ્લાના સંરક્ષણ અને પુનઃસ્થાપનનો ફેઝ-1 પૂર્ણ કરાયો.
- રણોત્સવમાં લાઇટ એન્ડ સાઉન્ડ-શોનો આરંભ કરવામાં આવ્યો.
- સાસણમાં દેવળિયા પાર્ક અને ભાલછેલ હિલમાં એમ્પી થિયેટર, ફૂડ કોર્ટ, બસ-કાર પાર્કિંગ, વોચ ટાવર, ટોયલેટ બ્લોક વગેરેનું કાર્ય સંપન્ન.





- સાપુતારામાં પરમેનન્ટ ડાયનેમિક એન્ડ ઇન્ટરેક્ટિવ લાઇટિંગ અને ફાઉન્ટેન એલિમેન્ટ.
- પાવાગઢમાં યાત્રાળુઓની સુવિધા-પ્રવાસન વિકાસ સહિતના નવનિર્માણ કામગીરીનો ઉચ્ચસ્તરીય નિર્ણય.
- પ્રવાસીઓની સુવિધામાં વધારો કરવા રાજ્યનાં યાત્રાધામોમાં રૂ. 334 કરોડના 64 પ્રોજેક્ટ મંજૂર.
- વર્ષ 2001માં આવેલા ભૂકંપમાં જીવ ગુમાવનારાઓની સ્મૃતિમાં ભારતનું સૌથી મોટું સ્મારક અને મ્યુઝિયમ સ્મૃતિવનનું નિર્માણઃ 2,80,000થી વધુ સહેલાણીઓએ મુલાકાત લીધી.
- ગુજરાતના ટેબ્લોમાં કચ્છમાં આકાર લઈ રહેલા વિશ્વનો સૌથી વિશાળ હાઈબ્રીડ રિન્યુએબલ એનર્જી પાર્ક, દેશનું સૌ પ્રથમ 24x7 સોલાર ઊર્જા મેળવતું મોઢેરા ગામ, PM-KUSUM યોજના અને કેનાલ રુફટોપથી સૌરઊર્જા ઉત્પાદનના નિદર્શને દિલ્હીના રાજપથ રોડ ઉપર લોકોમાં આકર્ષણ જમાવ્યું.
- 74-મા ગણતંત્ર દિવસે પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રીય પરેડમાં રજૂ થયેલા ગુજરાતના "પીપલ્સ ચોઈસ એવોર્ડ" ટેબ્લોને મળ્યો પ્રથમ ક્રમ.
- રાજ્યના 8 પવિત્ર યાત્રાધામ, 28 અન્ય મહત્ત્વનાં યાત્રાધામો અને 358 જેટલા સરકાર હસ્તકના દેવસ્થાનકોનાં વિવિધ વિકાસકામોની પ્રગતિ તથા ભાવિ આયોજનનો રોડમેપ.

## ઊર્જાવાન ગુજરાત

- 66 કેવીના 20 સબસ્ટેશન સ્થાપિત કરાયાં.
- 56,780 પીએનજી ગેસ જોડાણ અને 116 ઔદ્યોગિક ગેસ જોડાણ આપવામાં આવ્યાં.
- 57,757 રહેણાંકની ઇમારતો ઉપર 200 મેગાવોટની સોલર સિસ્ટમ કાર્યરત.
- 500 સરકારી ઇમારતો ઉપર 8 હજાર કિલોવોટની સોલર સિસ્ટમ કાર્યાન્વિત.
- પંચમહાલ, રાજકોટ, સુરેન્દ્રનગર અને જામનગર જિલ્લાના વિવિધ વિસ્તારોમાં 200થી વધુ ટીમો દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરીને 3,730 વીજજોડાણનું ચેકિંગ કરાયું અને 397 ગેરકાયદે વીજજોડાણ પકડાયાં. આ ગેરરીતિ આચરવા બદલ 3.165.65 લાખ આકારણીની વસૂલાત.



- આઝાદીના અમૃત મહોત્સવની અનોખી ફલશ્રુતિઃ ભારતના સ્વાતંત્ર્ય સેનાનીઓના સંઘર્ષ અને દેશના 400 વર્ષના ઇતિહાસને ઉજાગર કરતો દેશનો સૌથી પહેલો પેટ્રોલ પંપ- સરદાર પેટ્રો સ્ટેશન.
- પાવર સેક્ટરના નિષ્ણાતો દ્વારા CBIPનો બેસ્ટ પરફોર્મિંગ ડિસ્કોમ એવોર્ડ માટે ઉત્તર ગુજરાત વીજ કંપની લિ. સમગ્ર દેશમાં બેસ્ટ પરફોર્મિંગ વીજ વિતરણ કંપની તરીકે એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી.
- કેન્દ્ર સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા દેશની વિવિધ બાવન વીજ વિતરણ કંપનીઓની કામગીરીના વાર્ષિક મૂલ્યાંકનમાં રાજ્ય સરકારની ચારેય વીજ વિતરણ કંપનીઓએ આ વર્ષે પણ ઐતિહાસિક સિદ્ધિ પ્રાપ્ત કરીને "A+" રેટિંગ પ્રાપ્ત કરવાની પરંપરા જાળવી રાખી છે.
- રાજ્યના નાગરિકોને રાહત આપવા વેટ દરમાં 10 ટકા જેટલો ધરખમ ઘટાડો કરાયો છે. હાઉસહોલ્ડ ડોમેસ્ટિક કન્ઝયુમર માટેના PNGમાં અને રિટેલ કન્ઝયુમરના વ્હિકલ માટે ફ્યૂલ તરીકે વપરાતા CNGના વેટ દરને 15 ટકાથી ઘટાડીને 5 ટકા કરવામાં આવ્યો છે.
- સોલાર ઉત્પાદનમાં 80 ટકા ઉત્પાદન સાથે ગુજરાત દેશભરમાં પ્રથમ ક્રમે. સોલાર રૂફ ટોપ યોજના 'સૂર્ય ગુજરાત'ને ગુજરાતમાં વ્યાપક પ્રતિસાદ

## વન અને પર્યાવરણ

- 1,45,06,917 રોપાના ઉછેર માટે વ્યક્તિગત નાણાકીય સહાય આપવામાં આવી.
- રાજ્યમાં સામાજિક વનીકરણ ક્ષેત્રે વનવિસ્તાર બહાર વનીકરણ વિકસાવવા માટે અને ખેડૂતોને તાલીમસહ જાણકારી આપવા માટે 914 કિસાન શિબિર યોજવામાં આવી.
- 3,026 હેકટર વિસ્તારમાં મેન્ગ્રેવનું પુનઃવ્યવસ્થાપન અને વાવેતર. 31,053 ખેડૂત લાભાર્થીઓને વૃક્ષ વાવેતર માટે ડીબીટી દ્વારા આર્થિક સહાય.
- રાજ્યમાં વન અને પર્યાવરણ જાગૃતિ કેળવવા 807 વિદ્યાર્થી પ્રશિક્ષણ શિબિરનું આયોજન.
- કરુણા અભિયાનમાં 10 થી 16 જાન્યુઆરી સુધીમાં રાજ્યભરમાંથી કુલ 9,523 પક્ષીઓને સારવાર કરીને તેમને નવજીવન આપવામાં આવ્યું.



## તમિલનાડુમાં હિજરત કરેલા સમુદાયને ફરીથી વર્તમાન ગુજરાત રાજ્ય સાથે જોડવાનો વડાપ્રધાનનો અપ્રતિમ પ્રયાસ

# સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ વૈશ્વિક ઓળખ બની રહેશે

સંસદીય મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું કે, વિશ્વની એક વિરલ ઘટના એટલે કે કોઈ એક ચોક્કસ સમુદાયની વિશ્વની સૌથી મોટી ગણવામાં આવતી હિજરત અથવા તો કોઈ એક સમુદાયના સામૂહિક સ્થળાંતરના સંદર્ભે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના એક ભારત શ્રેષ્ઠ ભારતના સંકલ્પને સાકાર કરતો સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ વૈશ્વિક ઓળખ બની રહેશે.



ગુજરાત વિધાનસભા ખાતે નિયમ ૪૪ હેઠળ સંસદીય મંત્રી પટેલે સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા કરાયેલ આયોજન અંગે નિવેદન કરતાં કહ્યું હતું કે, આપણા ભારતવર્ષના તામિલનાડુ રાજ્યમાં ૨૫ લાખ કરતાં વધારે સૌરાષ્ટ્રવાસી સમુદાય પોતાની જૂની સૌરાષ્ટ્રવાસી તરીકેની ઓળખ તેમ જ પોતાના સૌરાષ્ટ્ર વિસ્તારની પરંપરા તથા વારસાને અકબંધ રાખી સ્થાયી થયા છે. ભારતવર્ષના ૧૨ જ્યોતિર્લિંગ પૈકી પ્રથમ જ્યોતિર્લિંગ ભગવાન સોમનાથજી ઉપર વિદેશી આક્રમણખોર મોહમ્મદ ગઝનીએ ૧૦૨૪ની સાલમાં આક્રમણ કર્યું તે સમયે દરિયાઈ માર્ગે સોમનાથ, પ્રભાસપાટણ, વેરાવળ તેમજ આજુબાજુના વિસ્તારમાંથી સામૂહિક સ્વરૂપે વિશાળ સંખ્યામાં ત્યાં વસતા સૌરાષ્ટ્રવાસી સમુદાયે દરિયાઈ માર્ગે હિજરત કરી. એમ કહેવામાં આવે છે કે વિશ્વના ઇતિહાસની અંદર આ એક મોટામાં મોટી હિજરત હતી અને સૌરાષ્ટ્રવાસી સમુદાય તે સમયે ઉત્કૃષ્ટ વણાટકામ માટે વિશ્વભરમાં ખ્યાતિપ્રાપ્ત હતો. સાથોસાથ વૈદિક સંસ્કૃતિને સંપૂર્ણ પ્રતિબદ્ધ એવા આ સમાજે પોતાની સંસ્કૃતિને બચાવવા માટે દરિયાઈ માર્ગે હિજરત કરી અને ખંભાત બંદર અને ત્યાંથી ભરૂચ અને ભરૂચ પછી સુરત તેમજ ત્યાર પછી મહારાષ્ટ્ર અને મહારાષ્ટ્રમાંથી વિજયનગર સામ્રાજ્યના આમંત્રણથી આશરો લીધો હતો.

તેમણે ઉમેર્યું કે, થોડી સદીઓ સુધી વિજયનગર સામ્રાજ્યમાં આશરો લીધા પછી વિજયનગર સામ્રાજ્યનું પતન થતાં આ સમુદાય પાસે જેમ આપણે જાણીએ છીએ તેમ સાડી વણાટકામ તેમજ અન્ય હસ્તકલાઓમાં ખૂબ જ કૌશલ્ય પ્રાપ્ત હતું. આ સમુદાયને મદુરાઈના તત્કાલીન રાજવંશ મહારાજાએ તેઓની આ કલાને પીછાણીને તેઓને ખાસ આશરો આપીને રાજ્યાશ્રય આપ્યો હતો. ૧૫૦૦ની સાલથી આ સમુદાય મદુરાઈ



તેમજ આજુબાજુના વિસ્તારની અંદર સ્થાયી થયો છે. મંત્રીએ કહ્યું કે, આ સમુદાયને ફરીથી વર્તમાન ગુજરાત રાજ્ય સાથે જોડવાનો પ્રયત્ન વર્ષોથી થતો હતો પરંતુ વર્ષ ૨૦૦૫ અને વર્ષ ૨૦૦૬ની સાલમાં ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી અને આપણા યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના તત્કાલીન કુલપતિ તેમજ ઉપકુલપતિ તેમજ અન્ય અગ્રણીઓ સાથે બેઠક યોજી આ સમુદાય સાથે સંપર્ક પ્રસ્થાપિત કરવા અર્થે પ્રેરિત કર્યા હતા અને વિધિવત્ રીતે આ સૌરાષ્ટ્રવાસી સમુદાય ગુજરાત સાથે ૧૦૦૦ વર્ષના ગાળા પછી ફરીથી જોડાયો અને ગુજરાત રાજ્ય અને તમિલનાડુના આ સૌરાષ્ટ્રવાસી સમુદાય વચ્ચે અનેકવિધ અનેક ક્ષેત્રે આદાન-પ્રદાનના ખૂબ જ સરસ મજાના કાર્યક્રમો ચાલી રહ્યા છે. તેમણે કહ્યું કે, ૨૦૧૦ની સાલની અંદર તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં મદુરાઈ ખાતે વિરાટ સૌરાષ્ટ્ર સંગમનું આયોજન થયું અને તેમાં ૫૦,૦૦૦ કરતાં વધારે સૌરાષ્ટ્રવાસીઓ ઊમટી પડ્યા હતા. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ ત્યારબાદ પણ વખતોવખત આ સમુદાયને મુલાકાતો આપી અને ગુજરાત સાથે આદાન-પ્રદાનની પ્રવૃત્તિ અર્થે સતત પ્રેરણા આપી છે.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની એક ભારત શ્રેષ્ઠ ભારત"ની સંકલ્પનાને મૂર્તિમંત કરવાના ઉમદા હેતુ સાથે દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ સૌરાષ્ટ્ર તમિલ સંગમના અત્યંત ઐતિહાસિક અને રાષ્ટ્રીય એકાત્મકતા સંકલ્પનાને સાકાર કરતા એક શ્રેષ્ઠતમ કાર્યક્રમની સંકલ્પના કરી અને આજે એ વાતનો ઉલ્લેખ કરતાં ગૌરવ અને રોમાંચની લાગણી થાય છે કે લગભગ ૧૨૦૦ વર્ષના સમયગાળા પછી આગામી એપ્રિલ માસની અંદર વિશાળ સ્વરૂપે તમિલનાડુમાં વસવાટ કરતા સૌરાષ્ટ્રવાસી સમુદાય પોતાના મૂળ વતન, પોતાની મૂળ જન્મભૂમિ, માતૃભૂમિ એવા સોમનાથ ખાતે એકત્ર થશે. આ એક ખૂબ જ ઐતિહાસિક મહત્ત્વપૂર્ણ ઘટના બની રહેશે ત્યારે વિધાનસભામાં આ કાર્યક્રમની જાહેરાત કરતાં તેમણે ખૂબ જ આનંદ અને હર્ષની લાગણી અનુભવી હતી.

તેમણે કહ્યું કે, તા. ૨૫મી માર્ચ અને ૨૬મી માર્ચ દરમિયાન આ સમુદાયને પ્રેમપૂર્વક આપણી ગુજરાતની આગવી પરંપરા મુજબ જ્યારે અમે સૌરાષ્ટ્ર તમિલ સંગમ માટે નિમંત્રિત કરવા ગયા ત્યારે તેઓ દ્વારા મળેલ પ્રેમ, લાગણી, હર્ષોલ્લાસ જોવા મળ્યો છે તે અવિસ્મરણીય છે. આવા લાગણી અને પ્રેમસભર સમુદાય આપણી વચ્ચે ગુજરાતની ધરતી ઉપર આવી રીતે સામૂહિક સ્વરૂપે લગભગ ૧૨૦૦ વર્ષના સમયગાળા પછી આવે છે એ કોઈ નાનીસૂની ઘટના નહીં પણ નરેન્દ્રભાઈ મોદીની સંપૂર્ણ પરિકલ્પના મુજબની એક ઐતિહાસિક ઘટના છે. તેમનું સ્વપ્ન હતું કે આ પ્રકારનો એક કાર્યક્રમ સોમનાથ ખાતે આયોજિત થાય અને આજે આ સ્વપ્નને મૂર્તિમંત થતું આપણે જોઈ રહ્યા છીએ. એ સૌ ગુજરાતીઓ માટે ગૌરવરૂપ ઘટના બની રહેશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો

મંત્રીએ ઉમેર્યુ કે, ૧૨૦૦ વર્ષના ગાળા પછી આકાર લઈ રહેલી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ તા.૧૭મી એપ્રિલથી આયોજિત થઇ રહેલી આ એક ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ ઘટનામાં વિધાનસભાના સૌ સાથીસભ્યો અને સૌ ગુજરાતીઓને સહભાગી થવા તેમણે અનુરોધ કર્યો હતો.

રાજ્યના ઉદ્યોગમંત્રી બળવંતસિંહ રાજપૂત, પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયા, શિક્ષણમંત્રી કુબેરભાઈ ડિંડોર, સહકાર રાજ્યમંત્રી જગદીશ વિશ્વકર્માએ તમિલ મહાસંગમ સંદર્ભે તમિલનાડુ સ્થિત ગુજરાતીઓને આમંત્રિત કરવા માટે યોજાયેલ તમિલનાડુના રોડ શોમાં મળેલા આવકારને બિરદાવતાં કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના તમિલ સાથેના ઐતહાસિક જોડાણને જીવંત રાખવા જે પ્રયાસ કર્યો છે એ માટે તમિલ સ્થિત સૌ ગુજરાતીઓએ વડાપ્રધાનનો આભાર વ્યક્ત કર્યો હતો અને તમામ મંત્રીઓએ વિવિધ સમાજો દ્વારા યોજાયેલ અભિવાદન સમારોહમાં મળેલા અદ્ભુત આવકારને બિરદાવીને સંસ્મરણો વાગોળ્યાં હતાં.

# ઘણા લોકો કલમ ૩૭૦ની નાબૂદી વખતે તેમજ રામ મંદિરના નિર્માણ બાબતમાં કહેતા રહ્યા કે રમખાણો થશે, લોહીની નદીઓ વહેશે પરંતુ કોઈની કાંકરીચાળો કરવાની પણ હિંમત ન થઈ - શ્રી અમિતભાઇ શાહ




શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે આજે હનુમાન જન્મોત્સવ અને સાથે સાથે ભારતીય જનતા પાર્ટીના સ્થાપના દિનનો અદ્ભુત સંયોગ સર્જાયો છે. તેઓએ કહ્યું કે આજે દેશમાં ૧૬થી વધુ રાજ્યોમાં સરકાર સહિત ૪૦૦થી વધુ સાંસદો સાથે ભાજપા નાગરિકોના અને દેશના કલ્યાણ માટે 'સેવા એ જ સંગઠન'ના ભાવથી કાર્ય કરી રહી છે. તેઓએ ગૌરવ વ્યક્ત કરતાં કહ્યું કે આઝાદી પછી જ્યારે પણ ભાજપાનું શાસન આવ્યું ત્યારે અટલજીના અને બાદમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારતીય સંસ્કૃતિનો ધ્વજ વિશ્વમાં હંમેશાં બુલંદ થયો છે. કેન્દ્રમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ૨૦૧૪ અને બાદમાં ૨૦૧૯માં પૂર્ણ બહુમતી મળ્યા બાદ દેશની સુરક્ષા, અખંડિતતા અને દેશવાસીઓના કલ્યાણ માટે અભૂતપૂર્વ નિર્ણયો લેવાયા.

શ્રી અમિતભાઈ શાહે ઉમેર્યું હતું કે ૧૯૫૦થી ભાજપે કહ્યું હતું કે એક જ દેશમાં બે નિશાન બે પ્રધાન અને બે સંવિધાન ન હોઈ શકે અને તે બાબતની પૂર્તતા કરતા પાંચ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કલમના એક જ ઝાટકે કાશ્મીરમાંથી આર્ટિકલ ૩૭૦ અને ૩૫છ નાબૂદ કરી કાશ્મીરને ભારતનું અભિન્ન અંગ બનાવ્યું અને દેશભરના રાષ્ટ્રપ્રેમી નાગરિકોના મનમાં સંતોષ થયો કે નરેન્દ્રભાઈ મોદીએ લોકોની આકાંક્ષાઓ પૂરી કરી. તેઓએ કહ્યું કે રામમંદિરના નિર્માણહેતુ લાખો લોકોએ, હજારો સંતોએ, યોદ્ધાઓએ પોતાના પ્રાણોની આહુત્તિ આપી. કોંગ્રેસે પણ રામ મંદિર નિર્માણ ન થાય તે માટે પ્રશ્નને લટકાવ્યો ભટકાવ્યો. પણ બાદમાં નામદાર સુપ્રીમ કોર્ટના ચુકાદાના આધારે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વચનપૂર્તિ કરતાં રામ મંદિર શિલાન્યાસ કરી ભવ્યાતિભવ્ય રામમંદિર નિર્માણનો માર્ગ પ્રશસ્ત કર્યો.

શ્રી અમિતભાઈ શાહે કહ્યું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતીય સંસ્કૃતિ અને સંપ્રભુતાના વાહક તરીકે કાશી વિશ્વનાથ કોરીડોર, બદ્રીનાથ, કેદારધામ નવીનીકરણ, સોમનાથ સોનાનું મંદિર અને પાવાગઢમાં શક્તિપીઠની સ્થાપના જેવા અકલ્પનીય કાર્યો કોઈપણ જાતના સંશય વિના દ્રઢતાથી દેશની શાંતિ અને સલામતી જાળવી પૂર્ણ કર્યા. ઘણા લોકો કલમ ૩૭૦ની નાબૂદી વખતે તેમજ રામમંદિરના નિર્માણ બાબતમાં કહેતા રહ્યા કે રમખાણો થશે, લોહીની નદીઓ વહેશે પરંતુ કોઈની કાંકરીચાળો કરવાની પણ હિંમત ન થઈ.

શ્રી અમિતભાઈ શાહે વધુમાં કહ્યું કે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશી અને મક્કમ મનોબળના કારણે જ સમગ્ર વિશ્વમાં યોગદિન મનાવવાની શરૂઆત થઈ. આ ઉપરાંત દેશ અને દુનિયાના લોકોની આંખો પહોળી થઈ જાય તેવું લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલનું સ્ટેચ્યુ તેમજ શિવાજી મહારાજનું ઉત્તુંગ શિલ્પ જેવાં કાર્યો પૂર્ણ થયાં. આ ઉપરાંત ગંગાના શુદ્ધીકરણ માટે પણ છેલ્લાં નવ વર્ષમાં કેન્દ્રની ભાજપા સરકારે ગુણાત્મક પરિવર્તન લાવવાનું કાર્ય કર્યું. તેમણે કહ્યું કે છેલ્લાં હજારો વર્ષોથી દેશની સાંસ્કૃતિક ધરોહર સમાન અસંખ્ય મૂર્તિઓ ચોરાઈને વિશ્વમાં જતી રહેલી તે પૈકીની ૩૬૦ મૂર્તિઓ છેલ્લાં નવ વર્ષમાં ફરીને તે જ મંદિરમાં કેન્દ્રની ભાજપા સરકારે પ્રસ્થાપિત કરી. ભારતીય ભાષાઓને ગૌરવ આપવાનું અને મજબૂતાઈ બક્ષવાનું કામ પણ પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું.

REGD. NO. GAMC 563/ 2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO.PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED TO POST AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON 12/13/14 & 27/28/29th OF EVERY MONTH

## કેન્દ્રીય ગૃહ તેમજ સહકાર મંત્રીશ્રી અમિતભાઈ શાહ કષ્ટભંજનદેવ હનુમાનજી મંદિર સાળંગપુર ખાતે હનુમાનજીની ૫૪ ફૂટ ઊંચી પ્રતિમાના અનાવરણ અને ભોજનાલયના શુભારંભ પ્રસંગે ઉપસ્થિત રહ્યા ત્યારની તસવીરો



**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.